

તારાં કર્યાં દર્શન અરે! તે લોક પણ કૃતપુણ્ય છે;
તુજ પાદથી સ્પર્શાઈ એવી ધૂલિને પણ ધન્ય છે.

કહાન સંવત-૧૦ □ (૫૫૯) ❋ આત્મધર્મ ❋ (અંક-૧૧ વર્ષ-૪૬) વીર સં. ૨૫૧૬ મે, ૧૯૯૦

# 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* સમ્યગ્દૃષ્ટિ જીવ ઇચ્છા રહિત ક્રિયા કરે છે અને અંતરંગ ભોગોથી વિરક્ત રહે છે, તેથી તેઓ સિદ્ધ ભગવાન સમાન માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છે, કર્તા-ભોક્તા નથી. (૨૧૮)

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સર્વવિશુદ્ધિદ્વાર, પદ-૯ )

* તત્ત્વજ્ઞાની મહાત્મા નોકર્મ અર્થાત્ શરીર રહિત, કર્મમલ રહિત શુદ્ધ પદાર્થકો હી અર્થાત્ આત્મા યા પરમાત્મામઈ શુદ્ધ તત્ત્વકા હી નિત્ય વારંવાર દર્શન કરતે હૈં. (૨૧૯)

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૬૯ )

* કેવળીઓમાં પણ ઔદયિકભાવનું નાના પ્રકારપણું જાણવું. કેવળીઓના ઔદયિકભાવ પણ એક સરખા હોય નહિ; કોઈ કેવળીને દંડ-કપાટરૂપ ક્રિયાનો ઉદય હોય ત્યારે કોઈ કેવળીને તે ન હોય. એ પ્રમાણે કેવળીઓમાં પણ ઉદયની નાનારૂપતા છે તો અન્ય ગુણસ્થાનોની તો વાત શું કહેવી? માટે ઔદયિકભાવોના ભરોસે જ્ઞાન નથી. (૨૨૦)

( શ્રી બનારસીદાસજી, પરમાર્થવચનિકા )

* સર્વ કષાયનમેં માયાકા ફલ બહુત હી પાપકો ઉપજાવે હૈ. જો જીવ નિગોદમેં ઉપજી મહા દુઃખી હોય સો માયાકષાયકા ફલ હૈ ઔર અન્ય જો ક્રોધ, માન, લોભ ઇન કષાયતૈં નરક હોય હૈ, નિગોદ નહીં હોય હૈ. (૨૨૧) ( પં. ટેકચંદજી, સુદૃષ્ટિ-તરંગિણી, પાનું-૫૩૯ )

* અહો! જગતમાં મૂર્ખ જીવોને શું મુશ્કેલ છે? તેઓ જે અનર્થ કરે તેનું આશ્ચર્ય નથી પણ ન કરે તે જ ખરેખર આશ્ચર્ય છે. શરીરને પ્રતિદિન પોષે છે, સાથે સાથે વિષયોને પણ તેઓ સેવે છે. એ મૂર્ખ જીવોને કંઈ પણ વિવેક નથી કે વિષપાન કરી અમરત્વ ઇચ્છે છે?—સુખ વાંછે છે? (૨૨૨) ( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૯૬ )

* મોહથી અંધ જીવોના હૃદયમાં બાહ્ય સ્ત્રી, પુત્ર, શરીર આદિ પદાર્થો પોતાપણે ભાસે છે. મોહ રહિત પુરુષોના હૃદયમાં કર્મમલથી રહિત અવિનાશી આત્મા જ સદા પોતાપણે ભાસે છે. હે જીવ! જો તું આ બે ભેદને સમજી ગયો છે તો તું આ સ્ત્રી પુત્રાદિ કે જેને તેં પોતાના માની લીધા છે તેમાં એકત્વબુદ્ધિરૂપ દુષ્ટ મોહને ક્ષણમાત્રમાં નાશ કેમ કરતો નથી? (૨૨૩) ( શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૮૮ )

કહાન સંવત-૧૦
વર્ષ-૪૬
અંક-૧૨
[૫૬૦]

વીર સંવત ૨૫૧૬
સં. ૨૦૪૬
JUNE.
A.D. 1990




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# મુક્તિ અર્થે શુદ્ધ આત્માને એકને જ સતત અનુભવો

શ્રી નિયમસારની ૧૮ મી ગાથામાં અજ્ઞાનીનાં કર્તા-ભોક્તાપણાની મર્યાદા બતાવીને તેનું કર્તા-ભોક્તાપણું કેમ છૂટે ? એ સમજાવ્યું છે; અને સંસારનો નિરોધ કઈ રીતે થાય ? તથા મુક્તિ એક આત્માના અનુભવથી જ થાય છે, અન્ય કોઈ પ્રકારે થતી નથી; તે વાત છ શ્લોક દ્વારા સમજાવી છે.

અશુદ્ધ નિશ્ચયનયથી અજ્ઞાની જીવ ભાવકર્મનો કર્તા-ભોક્તા થાય છે તેનું આ કથન છે.

આત્મા કરે, વળી ભોગવે પુદ્ગલકરમ વ્યવહારથી;
ને કર્મજનિત વિભાવનો કર્તાદિ છે નિશ્ચય થકી. ૧૮.

જે જીવને સ્વ-સ્વભાવનું જ્ઞાન નથી એવો ભ્રાંતિવાળો અજ્ઞાની જીવ માત્ર પોતાના ભાવકર્મનો—શુભાશુભભાવરૂપ વિકારી પરિણામનો જ કર્તા છે. અજ્ઞાનદશામાં પણ શરીર, વાણી, સ્ત્રી, પુત્ર, વેપાર-ધંધાદિનો તો કર્તા નથી. ભ્રાંતિગતપણે પોતે તેનો કર્તા છે તેમ માને છે, તોપણ અજ્ઞાની શરીરાદિનું કાંઈ પણ કરી શકતો જ નથી.

અજ્ઞાની જીવને જ્યાં સુધી શુભભાવની મીઠાશ વર્તે છે, રુચિ પડી છે, તેના

પર જ દૃષ્ટિ પડી છે ને શુભભાવથી રહિત તથા શુભભાવના કર્તાપણાથી રહિત એવા ત્રિકાળી સ્વ-સ્વભાવની દૃષ્ટિ કરતો નથી, ત્યાંસુધી તે અશુદ્ધ નિશ્ચયનયથી રાગદ્વેષનો કર્તા થાય છે. રાગદ્વેષ પોતાની પર્યાયમાં થાય છે માટે અશુદ્ધ નિશ્ચયનયથી કર્તા કહ્યો છે. જ્યાં સુધી ત્રિકાળી જ્ઞાયકભાવની સન્મુખ થયો નથી, ત્યાં સુધી અજ્ઞાનદશામાં વિકારનો કર્તા અજ્ઞાની જીવ પોતે જ છે. પોતે કર્તા થઈને વિકાર કરે છે, કર્મનો ઉદય તેને વિકાર કરાવે છે એમ નથી. અજ્ઞાનદશામાં ભાવકર્મનો કર્તા-ભોક્તા જીવ પોતે જ છે.

હવે, અજ્ઞાની જીવ ભાવકર્મનો કર્તા-ભોક્તા છે તેથી તેના નિમિત્તે બંધાતા નવા દ્રવ્યકર્મો કે જે આત્માના નિકટવર્તી છે તેનો કર્તા અજ્ઞાની અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવાય છે. પરદ્રવ્યોમાં આત્માથી સૌથી નજીક દ્રવ્યકર્મો છે, નોકર્મો આત્માથી દૂર છે. તેથી દ્રવ્યકર્મોને નિકટવર્તી કહ્યાં છે. અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી દ્રવ્યકર્મનો કર્તા અજ્ઞાની થાય છે એનો અર્થ કે ભાવકર્મનો કર્તા અજ્ઞાની થાય છે ને તેના નિમિત્ત દ્રવ્યકર્મ બંધાય છે. નજીકના છે માટે અનુપચરિત છે. ખરેખર કર્તા નથી માટે અસદ્‌ભૂત નામ અસત્યાર્થ છે. એ જ રીતે અજ્ઞાની જીવ ભાવકર્મનો કર્તા હોવાથી શરીરાદિનો કર્તા-ભોક્તા પણ અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવાય છે, અને મકાન, ઘટ-પટાદિનો કર્તા ઉપચારથી કહેવાય છે એટલે કે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવાય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ વિકારના પરિણમનો કર્તા નથી, જાણનાર જ છે, કારણ કે ધર્મીની દૃષ્ટિમાં રાગના પરિણામ ને તેનું કર્તાપણું એ બંનેનો જેમાં અભાવ છે એવા એક અખંડ જ્ઞાયકભાવનો સ્વીકાર આવ્યો છે, તેથી ધર્મીજીવ તો વિકારનો—ભાવકર્મનો જ્ઞાતા જ છે.

હવે સંસારનો નિરોધ કેમ થાય તેની વિધિનું વર્ણન છ શ્લોક દ્વારા સમજાવવામાં આવે છે.

પ્રથમ તો સાચા ગુરુ કોને કહેવાય? કે જેના ઉપદેશમાં એમ આવે કે હે જીવ! તારી પરિણતિમાં આ રાગદ્વેષ ભલે હો, પણ તે વિકારી પરિણામમાં તું નથી, એ પરિણામ તું નથી ને તે પરિણામ તારા સ્વભાવમાં નથી, તેનો કર્તા-ભોક્તા પણ નથી. તું તો નિર્વિકલ્પ સહજ સમયસારરૂપ જ્ઞાયકભાવ છો, તેની દૃષ્ટિ કર. તેની દૃષ્ટિ કરવાથી મુક્તિ પ્રાપ્ત થશે, અન્ય કોઈપણ પ્રકારે મુક્તિ થશે જ નહીં. —આવો ઉપદેશ જેની દેશનામાં આવે તે સાચા ગુરુ કહેવાય.

વર્તમાનમાં પોતાની પરિણતિમાં સકળ રાગ દ્વેષ-મોહ વર્તવા છતાં જે જીવ સાચા ગુરુનો ઉપદેશ વિનયપૂર્વક પ્રથમ તો સાંભળે. સાચો ઉપદેશ સાંભળતી વખતે ગુરુ પ્રત્યે ભક્તિભાવ, અહોભાવ હોય ત્યારે તો તે સાંભળવાને લાયક કહેવાય. એ રીતે સાચા ગુરુએ દર્શાવેલા ઉપદેશને અહોભાવથી સાંભળીને, દેશનામાં જે વસ્તુસ્વરૂપ આવ્યું તેનો અનુભવ કરે ત્યારે તે જીવ મુક્તિસુંદરીરૂપી કાંતાનો વલ્લભ થવાને પાત્ર થાય છે.

સવિકલ્પદશા વખતે જ હું દ્રવ્યસ્વભાવે નિર્વિકલ્પ સહજ પરમતત્ત્વ છું-એમ જેને પર્યાયમાં સ્વીકાર આવ્યો ત્યાં તે જીવને ભાવકર્મનું કર્તા-ભોક્તાપણું છૂટી ગયું ને તેનો માત્ર જ્ઞાતા રહી ગયો. એ રીતે ભાવકર્મનું કર્તા-ભોક્તાપણું છૂટી જતાં તે જીવને દ્રવ્યકર્મનો પણ નિરોધ થઈ જાય છે, ને દ્રવ્યકર્મ અટકી જતાં સંસારનો પણ નિરોધ થઈ જાય છે. એક અખંડ જ્ઞાયકભાવનો સ્વીકાર આવતાં સંસાર અટકી જાય છે.

પરમાત્મતત્ત્વના જ્ઞાન વિના ભ્રાંતિગતપણે જીવ શુભાશુભનો કર્તા થયો થકો શુભભાવની રુચિ આડે મોક્ષમાર્ગને લેશમાત્ર વાંચ્છતો નથી—તેની ભાવના ભાવતો નથી એવા અજ્ઞાની જીવને આ લોકમાં કાંઈ પણ શરણ નથી. અજ્ઞાની જીવ લોકમાં અશરણપણે ભ્રમણ કર્યા કરે છે.

ધર્મી જીવને ભાવકર્મનું કર્તા-ભોક્તાપણું છૂટી ગયું હોવાથી તેના નિમિત્તથી મળતી કર્મજનિત સુખ સામગ્રીને પણ તે પરિહરે છે અને અતીન્દ્રિય આનંદમાં નિમગ્ન રહે છે. ધર્મી એમ જાણે છે કે અરે! અમારા આત્મસ્વભાવમાં વિભાવ અસત્ છે. ત્રિકાળી સ્વભાવમાં વિભાવ અસત્ છે. ત્રિકાળી સ્વભાવમાં વિભાવ છે જ નહીં તેથી તેને ટાળવાની પણ અમને ચિંતા નથી. અમે તો સર્વ કર્મથી વિમુક્ત શુદ્ધ આત્માને એકને સતત અનુભવીએ છીએ; કારણ કે અન્ય કોઈ પ્રકારે મુક્તિ નથી, નથી, નથી જ.

બુધ પુરુષોને એટલે કે સમ્યગ્દષ્ટિ જીવોને એવો નિર્ણય વર્તે છે કે સિદ્ધદશા કે સંસારદશા અમારા ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં છે જ નહીં. ધ્રુવસ્વરૂપ, સામાન્યસ્વરૂપ એકસ્વરૂપ વસ્તુ કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તેમાં મોક્ષની દશા કે સંસારની દશા છે જ નહીં. અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એવું જે પરમપારિણામિક તત્ત્વ, તેમાં કેવળજ્ઞાનની પર્યાય કે સંસારની વિકારી પર્યાય છે જ નહીં.

સંસારી જીવમાં સાંસારિક ગુણો એટલે કે વિકારી પર્યાય હોય છે ને સિદ્ધને સદા નિર્વિકારી પર્યાય હોય છે. વિકાર કે અવિકાર અવસ્થા પર્યાયમાં અસ્તિત્વ ધરાવે

[ અનુસંધાન પાના નં. ૧૧ ઉપર ]

# હેય-ઉપાદેયનું વાસ્તવિક સ્વરૂપ

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૨૪)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેની ૩૫મી ગાથા ચાલે છે.

આ આત્મા શુદ્ધ પરમાત્મસ્વરૂપ છે. અરિહંત અને સિદ્ધ જેવા પર્યાયમાં પરમાત્મા થયા છે તેવા જ દરેક આત્મા શક્તિરૂપે પરમાત્મા છે.

જુઓ, મુનિરાજ શું કહે છે કે આત્માને આત્મા કામમાં ક્યારે આવે? જ્યારે પરમાનંદસ્વરૂપ વસ્તુની દૃષ્ટિ, તેનું જ્ઞાન અને તેમાં રમણતારૂપ ચારિત્ર પ્રગટ થાય એટલે કે અભેદ નિર્વિકલ્પ સ્વાનુભવ થાય ત્યારે પરમાનંદની સ્ફુરણા દ્વારા આત્મા પ્રગટ થાય છે. શરીર, વાણી, કર્મ, પુણ્ય-પાપના વિકલ્પ આદિથી દૃષ્ટિને સંકેલી-તેના ઉપરથી લક્ષ હટાવી ચૈતન્યસ્વભાવ ઉપર લક્ષ કરતાં જેમાં જ્ઞાન, આનંદની ખાણ ભરી છે એવો પરમાનંદસ્વરૂપ આત્મા પ્રગટ થાય છે.

જેનું લક્ષ શરીર, વાણી, મન, કર્મ અને પુણ્ય-પાપભાવ ઉપર જ છે એટલે કે તેમાં જ એકત્વ છે તેને સંસાર અથવા વિકારની પ્રાપ્તિ થાય છે. તેને આત્માનો આનંદ મળતો નથી અને જે શુદ્ધ ચૈતન્ય આત્માની સન્મુખ છે અને પર વિભાવથી વિમુખ છે તેને આત્મા જેવો છે તેવો પ્રગટ થાય છે ત્યારે આત્માને આત્મા કામમાં આવ્યો કહેવાય.

બહુ સાદી અને ટૂંકી ભાષામાં માલ ભર્યો છે. એકલો પકવાન પીરસ્યો છે.

શ્રોતા :— નીરોગી હોય તેને પાચન થાય ને!

પૂજ્ય ગુરુદેવ :—આત્મા ત્રણેકાળ નીરોગી જ છે. તેને પાચન થાય એવી જ આ વાત છે. ફક્ત દૃષ્ટિફેરે દોલત નજરમાં આવે તેમ છે.

જેની દૃષ્ટિ કર્મ, શરીર અને પુણ્ય-પાપ સન્મુખ છે તેને સંસારનું પરિભ્રમણ પ્રાપ્ત થાય છે અને જેને વસ્તુના નિશ્ચયસ્વભાવ ઉપર દૃષ્ટિ છે તે વ્યવહારથી પરાન્મુખ છે અને સ્વભાવ સન્મુખ છે તેને મુક્તિની પ્રાપ્તિ થાય છે.

શરીર, કર્મ કે શુભ અશુભભાવ મારી શાંતિના કાર્ય માટે બિલકુલ મદદગાર નથી.

ભગવાન આત્મા એક સમયમાં પરમાત્મપિંડ છે જેમાંથી અનંત આનંદ અને જ્ઞાનની નદી વહે છે. એવા ચૈતન્યપૂર વસ્તુની સન્મુખતા કરી તેમાં દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતાથી જોડાણ કરતાં આનંદ સહિત આત્મા પ્રગટ થાય છે.

આ તો આકાશગંગાને હેઠે ઊતારી છે.

શરીર, કર્મ આદિના સંયોગો અને શુભાશુભભાવો જ્યાં છે ત્યાં ભલે હો પણ મારા આત્માના કામ માટે તે મને બિલકુલ સહાયક નથી. મારા આત્માની શાંતિ, જ્ઞાન અને આનંદની પ્રાપ્તિ માટે વિકલ્પથી માંડીને કોઈ ચીજ મને સહાયક નથી. મારા શ્રદ્ધા–જ્ઞાનને હું આત્મસન્મુખ કરું તો મારી વસ્તુ જ મને સહાયક થાય છે.

ભગવાન આત્મા એક વસ્તુ છે ને! અનાદિ–અનંત એક પદાર્થ છે ને! તો તેમાં અનાદિ–અનંત જ્ઞાનાદિ ગુણોનો ભંડાર ભર્યો છે.

જુઓ! અહીં ધ્યાન આપો; જ્યાં પરમાત્માની વાત ચાલે છે ત્યાં બીજાની સામે જોવું, આમથી તેમ નજર કરવી તે ન્યાય નથી, બિલકુલ વિરુદ્ધ છે. અહીં તો આકરી વાત છે ભાઈ! આ તો મને આવડે છે એમ કરીને બેધ્યાન ન થવાય. શ્રીમદે એકવાર કહ્યું હતું કે 'તને આવડયું હોય તો હું કહું છું કે આ શબ્દને ફરીવાર સાંભળ અને વિચાર. કારણ કે આ સમય છે તે કોઈ બીજી જાતનો છે.' એમ કરીને એને સત્યનો વિનય કરાવે છે. અસત્યનો આદર અને સત્યનો અનાદર એ મોટો દોષ છે. પણ લોકોને એની ખબર નથી. આ તો અમને આવડે છે....આ તો અમે ધાર્યું છે....અમે તો બીજાને સમજાવીએ છીએ... એ બધું રહેવા દે ભાઈ!

પ્રભુ! તું કયાં છો, કેવો છો, કેવી રીતે લક્ષમાં આવ તેની આ વાત ચાલે છે. મેં સાંભળ્યું છે ને ધાર્યું છે એ માન્યતા તારી ખોટી છે. તેં કાંઈ સાંભળ્યું નથી. તને તારો સ્વભાવ ખ્યાલમાં આવ્યો નથી. આ તો કસોટી બહુ આકરી છે બાપા! અરે, એણે જ્યાં જોવાનું છે ત્યાં નજર કરી નથી અને બીજે નજર કરી છે તેને આત્માનો આદર નથી.

આ તો એકલું માખણ આવ્યું છે.

એણે સાંભળ્યુ છે કે વ્યવહાર છોડવાલાયક છે અને નિશ્ચય ઉપાદેય છે પણ એના જીવનમાં પળે પળે વ્યવહારના વિકલ્પો અને સંયોગો મારામાં નથી એમ ભાસતું નથી.

કોઈ લાખોપતિ શેઠને એકનો એક દીકરો હોય. બે વર્ષનું પરણેતર હોય અને એ દીકરો મરી જાય તો ઘરનાના મોઢા કેવા લોહિયાળા હોય! આખી દુનિયા ઉદાસ લાગે, હરખના સડકા બધાં ઈ વખતે ઊડી જાય તેમ, આ ભગવાન આત્માનો એક એક સમય લાખેણો ચાલ્યો જાય છે તેનો ખેદ થવો જોઈએ.

પ્રભુ! તું આનંદ અને શાંતિનો ઢગલો છો. તેમાં અંતરદૃષ્ટિ, તેનું જ્ઞાન અને તેમાં લીનતા થતાં આનંદ સહિત અનુભવ થાય છે તેને આત્મા અથવા પરમાત્મા કહે છે. ધ્રુવ ચૈતન્ય–રત્નની દૃષ્ટિ થતાં વિકલ્પથી માંડીને આખી દુનિયાની ઉપેક્ષા થઈ જાય છે.

જુઓ ને ! નાના નાના રાજકુમારો પણ આખા રાજ્યની અને વૈભવોની ઉપેક્ષા કરીને કેવા દીક્ષા લેવા માટે તૈયાર થઈ જાય છે! માતા! મને આ મારી સન્મુખ જવાનો સમય મળ્યો છે તેમાં આ સંયોગો વિઘ્નરૂપ છે. માતા! મારે ફરી બીજી મા ન કરવી પડે. મારા જન્મ-મરણનો અભાવ થાય એવી દશાની સાધના માટે હું નિવૃત્તિ લઉં છું. માટે માતા! મને રજા આપ. તારે પણ સુખ જોઈતું હોય તો આ રસ્તો લેવો પડશે.

શાસ્ત્રમાં તો ત્યાં સુધી આવે છે કે માતા પુત્રને જવાબ આપે છે: જા ભાઈ! જે રસ્તે તને નિર્ભયતા પ્રાપ્ત થાય તે રસ્તે જા અને અમે પણ એ રસ્તે આવવાના કામી છીએ.

આવા યોગીઓને સ્વરૂપમાં એકાગ્રતા કરતાં પુણ્ય-પાપની એકાગ્રતા છૂટી જાય છે અને આનંદની ધારા વહે છે — અપૂર્વ આનંદ પ્રાપ્ત થાય છે. આત્મા પોકાર કરે છે કે જો! આવો હું આનંદમય છું. વર્તમાન પર્યાયમાં આત્માની સન્મુખતા થતાં પરથી વિમુખતા થઈને આનંદ પ્રગટ થાય છે અને આ હું આત્મા જ પરમાત્મા છું એમ અનુભવ થાય છે.

યોગી એટલે શું? કે સ્વરૂપમાં એકાગ્ર થનાર યોગીશ્વર. ભલે તે ચોથા ગુણસ્થાનમાં હો, પાંચમામાં હો કે છઠ્ઠામાં હો કે જેણે ભગવાન આત્માના પૂર્ણાનંદમાં દૃષ્ટિનો યોગ જોડયો છે એવા ધર્માત્મા તે યોગી છે. તેને એક આત્મા જ આદરણીય છે.

અહો! એક એક સમય જેનો સ્વરૂપની રુચિ, જ્ઞાન અને રમણતામાં લાગ્યો છે, સંસારથી પરાન્મુખ છે એટલે શુભ અશુભભાવ, પરની સન્મુખતા અને પરવસ્તુથી જે પરાન્મુખ છે એવા મુનિરાજને એક આત્મા જ ઉપાદેય છે. તેણે જ આત્માને પકડયો છે-આત્મા જાણ્યો છે અને આત્માને આદરણીય બનાવ્યો છે. આવા મુનિરાજ-યોગીશ્વરને વિકલ્પથી માંડીને આખો સંસાર હેયપણે વર્તે છે.

જેને અંતરમાં આત્મા ઉપાદેય નથી તેને પુણ્ય-પાપના વિકલ્પ અને પરપદાર્થ ઉપાદેય છે અને ભગવાન આત્મા હેય વર્તે છે અને જેણે પૂર્ણાનંદસ્વરૂપ આત્માને દૃષ્ટિ અને જ્ઞાનમાં આદર્યો છે તેને આત્મા જ ઉપાદેય છે એમ અનુભવથી જણાયું છે અને વિકલ્પથી માંડીને આખો સંસાર હેય છે એમ યથાર્થ જ્ઞાન થયું છે. આ સ્પષ્ટ વાત છે તેમાં ક્યાંય ગરબડ નથી.

જે દેહાત્મબુદ્ધિ જીવ છે, વિષયાસક્ત છે, જેને રાગની રુચિ છે, શરીરનો પ્રેમ છે, કર્મ આદિ બાહ્યસામગ્રીમાં પ્રેમ છે, વિકલ્પમાં જેને 'આ હું' એમ કરીને આનંદ ભાસે છે એવા દેહાત્મબુદ્ધિ વિષયાસક્ત જીવોને પરમાત્મા હેય છે.

આ તો એક ઘા ને બે કટકા છે. વીતરાગે કહેલો મારગ છે. વિકલ્પથી માંડીને આખી

દુનિયાનો જેને પ્રેમ છે તેને પોતાનો આત્મા હેય છે. અને આત્મા ઉપાદેય છે તેને વિકલ્પથી માંડીને આખું જગત હેયપણે વર્તે છે.

દેહાત્મબુદ્ધિ જીવો એટલે જેને દેહની સગવડતા, સંયોગની સગવડતા અને રાગમાં જ જેના જ્ઞાનનો થાપ પડયો છે એટલે કે આ જ હું છું એવી રુચિ પડી છે તેવા જીવો પોતાના સ્વરૂપને ખરેખર જાણતાં નથી અર્થાત્ તે નિજસ્વરૂપને ઉપાદેય માનતા નથી.

આ હેય-ઉપાદેયનો સંબંધ મૂકયો છે તે ગજબ વાત છે!

અરે, આઠ વર્ષની બાલિકા હો—જાણપણું બહુ થોડું હોય પણ અંતરમાં દ્રવ્યસ્વરૂપનો ઉપાદેયભાવ થઈ ગયો છે તેની વર્તમાન દૃષ્ટિમાં વિકલ્પથી માંડીને બધી ચીજ હેય વર્તે છે. એ બાલિકા કદાચિત્ લગન કરે તોપણ તેને આત્મા સિવાય કાંઈ ઉપાદેય લાગતું નથી. શુભાશુભ વિકલ્પો તેને હેય છે અને કોઈ જીવ બાહ્યથી ત્યાગી થઈને ફરતો હોય અને ત્યાગના વિકલ્પમાં જ ઉપાદેયબુદ્ધિ પડી હોય — ત્યાગના વિકલ્પ જેટલો જ હું એવી એકત્વબુદ્ધિ પડી હોય એવા ત્યાગીને આખો ભગવાન આત્મા દૃષ્ટિ, જ્ઞાનમાં હેય વર્તે છે.

જે સંસારથી પરાન્મુખ છે તેને જ આત્મા ઉપાદેય છે. જેને અંતરદૃષ્ટિ અને જ્ઞાનમાં આત્મા ઉપાદેય છે તેને આખો સંસાર હેય છે અને દેહાત્મબુદ્ધિ વિષયાસક્ત જીવને પરના માહાત્મ્ય આડે આખો ભગવાન આત્મા ભુલાઈ ગયો છે એટલે હેય વર્તે છે. અહીં વિષયાસક્ત એટલે ૯૬૦૦૦ રાણીના વૃંદ હોય અને તેને ભોગવતો હોય તેને જ વિષયાસક્ત કહેવાય એમ નથી પણ જેને નાનામાં નાના રાગમાં પણ રુચિ છે, થોડા સંયોગમાં પણ પ્રેમ છે એવા વિષયાસક્ત દેહાત્મબુદ્ધિ જીવને ભગવાન આત્મા હેય છે. તેને સ્વસન્મુખતાનું માહાત્મ્ય આવતું નથી.

શુદ્ધ આનંદકંદ ભગવાન આત્માની જેને રુચિ નથી તેનું લક્ષણ શું? કે જેને સ્વવિષય નહિ રુચતા પર વિષયોની જ રુચિ છે, જેના જ્ઞાનનું લક્ષ પર વિષયો ઉપર છે એવા વિષયાસક્ત જીવને આત્મા—પરમાત્માની રુચિ નથી.

ભગવાન! તારા મારગ કોઈ અલૌકિક છે પ્રભુ! તે કોઈ બહારથી મારગ મળી જાય તેમ નથી. ૩૫ ગાથા પૂરી થઈ, ૩૬ ગાથા શરૂ થાય છે. આ તો અમૃત ઘોળાય છે. બાકી તો બધે ઝેર ઘોળાય છે. આ તો પરમાત્મપ્રકાશની વાતો છે. પરમાત્મા પ્રકાશમાં આવ્યો, અંતરાત્મબુદ્ધિ પ્રગટી ત્યાં બહિરાત્મબુદ્ધિ હેય થઈ ગઈ.

બહિરાત્મબુદ્ધિવંત જીવના જ્ઞાનમાં ઊંડે ઊંડે પણ મને આમ હોય તો ઠીક, આ વાંચું તો ઠીક, આ સાંભળું તો મને ઠીક એવી બુદ્ધિ પડી છે તેને આત્મા હેય વર્તે છે. આ તો બધી બે ને બે ચાર જેવી વાત છે.

આ તો આનંદના પાક થાય તેવી વાતો છે પણ અરે, તેં નજરની આળસે ભગવાનને નીરખ્યો નહિ. પ્રભુ! અંદર આનંદકંદ શુદ્ધાત્મતત્ત્વ હાજરાહજૂર પડ્યું છે પણ તેની હયાતિમાં મને શાંતિ છે એ વાત તેં કોઈ 'દી સ્વીકારી નહિ. નજરું કરવાની હતી ત્યાં કરી નહિ અને ધૂળ, ધન, કર્મ અને રાગમાં નજરું કરીને સંતોષાઈ ગયો.

૩૫મી ગાથામાં દેહમાં રહ્યો છતાં દેહથી ભિન્ન આત્માની વાત કરી. અહીં ૩૬મી ગાથામાં કર્મથી બંધાયેલો છતાં કર્મથી ભિન્ન આત્માની વાત કરે છે. ગાથા દીઠ ભાવો ફરે છે, એકની એક વાત નથી.

લહલહતા લાડુ પીરસ્યા છે મુનિરાજે! દાંતની પણ જરૂર ન પડે તેવા પોચા લાડવા છે. હે યોગી — હે આત્મસન્મુખ જોનારા! હે જગતથી વિમુખ આત્મા! તું કર્મથી બંધાયેલો હોવા છતાં મુક્ત છો. શું સૂર્યના તેજની સામે આડ નાંખો તો સૂર્યનું તેજ ચાલ્યું જાય? તેમ ચૈતન્યસૂર્યને શું કર્મના રજકણો રોકી શકે?

તું તો ચૈતન્યસૂર્ય છો પણ તને તારી ખબર નથી. યાદ રાખ કે તારું તત્ત્વ તને દેહમાં રહેલું કે કર્મના બંધનમાં રહેલું દેખાય પણ તે દેહ અને કર્મના બંધનથી રહિત જે તત્ત્વ છે તેને જ તું પરમાત્મા દેખ.

અમે કહીએ છીએ કે આત્માને દેહ અને કર્મોનું બંધન ભલે દેખાય પણ તે બંધનરહિત તત્વ છે તો પછી ધંધા આદિના બંધનની તો વાત જ કયાં રહી? ચિદાનંદ-જ્યોત તો બધાથી નિરાળી પડી છે તેને દૃષ્ટિમાં લેતો નથી એ તારી નજરની આળસ છે.

હું કોણ છું, કેવો છું, મારું સ્વરૂપ શું છે તેની તેં કદી દરકાર કરી નથી. બહારમાંને બહારમાં મચ્યો રહ્યો છો. પુણ્ય–પાપ, શરીર, વાણી તો બધાં ધૂળધાણી સંધ્યાના રંગ જેવા ક્ષણિક છે, તેમાં તું કયાં અટકયો?

ગાયના ગળામાં દોરડાનું બંધન દેખાય છે પણ ખરેખર ગળું એ દોરડાથી જુદું છે તેમ, ચૈતન્યની મહામૂડી કર્મના દોરાથી બંધાયેલી દેખાય છતાં એ મૂડી બંધાયેલી નથી. ગાય આમથી તેમ માથુ કરીને દોરડાથી ગળું જુદું પાડી શકે છે કેમકે ગળું અને દોરડું એક થઈ ગયા નથી તેમ, ભગવાન આત્મા ચૈતન્યનું નૂર પ્રભુ કર્મથી બંધાયેલું દેખાય છતાં બંધનથી રહિત છે.

અરે, જીવે પોતાની વાત કોઈ 'દી સાંભળી નહિ! જીવ કદી દેહ અને કર્મના બંધનમાં રહ્યો જ નથી કેમકે જીવ દેહરૂપ થયો નથી અને જીવ કદી કર્મરૂપ પણ થયો નથી. ત્રણકાળ ત્રણલોકમાં જીવવસ્તુ કદી શરીર કે કર્મરૂપ થઈ જ નથી. દેહ દેહમાં, કર્મ કર્મમાં અને જીવ જીવમાં જ રહેલો છે પણ ઊંધી માન્યતાએ જીવને બેડી નાખી છે.

શુદ્ધ ચૈતન્યજ્યોત પરમવસ્તુની એકાગ્રતાથી વિપરીત રાગ-દ્વેષ-મોહ એમ કહ્યું

છે એટલે રાગ-દ્વેષ-મોહ આત્માથી તો વિરુદ્ધ છે જ પણ આત્માની સાવધાનીરૂપ એકાગ્રતાના પરિણામથી પણ આ પરની સાવધાનીરૂપ રાગ-દ્વેષ-મોહરૂપ પરિણામ વિરુદ્ધ છે; તેના વડે આત્મા બંધાયેલો દેખાય છે.

પરદ્રવ્ય તો ભિન્ન રહી ગયા, આઠ કર્મ પણ ભિન્ન છે, પરંતુ સ્વભાવની સાવધાનીથી વિપરીત પરની સાવધાનીના જે રાગ-દ્વેષ-મોહના પરિણામ તેની સાથે અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા બંધાયેલો છે. આમ વિકલ્પ કરું તો ઠીક, પર સામું જોઉં તો ઠીક એવા મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ જીવની પર્યાયમાં થાય છે માટે અશુદ્ધ નિશ્ચયનયથી તેનાથી આત્મા બંધાયેલો છે એવા કાળે પણ નિશ્ચયથી આત્મા જડ થયો નથી. એવા આત્માને હે પ્રભાકરભટ્ટ! તું પરમાત્મા જાણ.

શરીરમાં રહેલો અને અશુદ્ધ પર્યાયથી બંધાયેલો દેખાય છતાં ભગવાન આત્મા તે અશુદ્ધ પર્યાયમાં અને દેહમાં રહ્યો જ નથી એવા શુદ્ધ ભગવાન આત્માને હે જીવ! તું પરમાત્મા જાણ......

[ ક્રમશઃ ]

પરમાત્મપંથે પ્રયાણ કરવાના અમૃતમય સંદેશ આપનાર આત્મજીવન શિલ્પી શ્રી સદ્દગુરુદેવનો જય હો.

ચૈતન્યભગવાનના અનુપમ આનંદ અમૃત પીરસનાર અનુભવધારી શ્રી સદ્દગુરુદેવનો જય હો.

વૈરાગ્યરસ તરબોળ પરમાત્મરસ પાનાર, અચિંત્ય સુરસધારી શ્રી સદ્દગુરુદેવનો જય હો.

— * —

[ મુક્તિ અર્થે શુદ્ધ........પાનું પથી ચાલુ ]

છે. વર્તમાન વર્તતી પરિણતિમાં તે તે પર્યાયની અસ્તિ છે ખરી. તોપણ તેઓ વસ્તુ-સ્વભાવમાં નથી, ત્રિકાળી ધ્રુવસામાન્ય એકરૂપ દ્રવ્યમાં તેમની અસ્તિ છે જ નહીં.

રાગ તો ત્રિકાળી વસ્તુમાં છે જ નહીં, પણ કેવળજ્ઞાનની પર્યાય પણ વસ્તુમાં નથી. દ્રવ્યસ્વભાવનો આવો નિર્ણય કરનારી પર્યાય પણ વસ્તુમાં નથી. નિર્ણય કરનારી પર્યાય એમ નિર્ણય કરે છે કે રાગ તો મારામાં નથી, પણ નિર્ણય કરનારી પર્યાય પણ મારામાં નથી, હું તો જ્ઞાયકભાવ એકરૂપ છું તે જ છું.

બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય ને તેના કારણથી પણ શૂન્ય એવી ત્રિકાળી વસ્તુ તે હું છું આવો સ્વીકાર આવવો તે જ પુરુષાર્થ છે. પૂર્ણાનંદનો નાથ, રાગ ને વિકાર રહિત, મોક્ષમાર્ગ ને મોક્ષની પર્યાય રહિત, એક અખંડ જ્ઞાયકરસનો પિંડ ત્રિકાળી વસ્તુ તે જ હું છું—એમ સ્વ-વસ્તુની મહિમા પૂર્વક તેનો સ્વીકાર આવવો તે જ સમ્યક્-પુરુષાર્થ છે, સમ્યગ્દર્શન છે.

— * —

# પરમાત્માનું બહાનું લઈને આત્માની સ્તુતિ

[ શ્રી નાટક સમયસાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( પ્રવચન નં-૧ )

આ શ્રી નાટક સયસાર આજ શરૂ થાય છે. આ ગ્રંથ રચનાર પં. બનારસીદાસજી ૩૦૦ વર્ષ પહેલાં થઈ ગયા. તેમના પિતાના તેઓ એકના એક પુત્ર હતા. જુવાનીમાં શૃંગારપોષક શાસ્ત્રો પણ તેમણે ઘણાં લખેલાં પણ જ્યાં સાચો સંગ મળ્યો અને આત્માનો અનુભવ થયો એટલે તે શાસ્ત્રો બધાં નદીમાં ફેંકી દીધા.

બનારસીદાસજી જબ્બર કવિ હતાં. છેલ્લે છેલ્લે તેઓ તુલસીદાસને મળેલાં. બનારસીદાસજીને સાંભળીને તુલસીદાસ બહુ સંતોષ પામ્યા, રામાયણ ભેટ આપ્યું વગેરે બધી વાત આ શાસ્ત્રમાં શરૂઆતમાં તેમના 'સંક્ષિપ્ત જીવન પરિચય'માં લખેલી છે. જુવાન અવસ્થામાં ખોટા રસ્તે ચડી ગયા પણ વળી જુવાનીમાં જ જીવનની દિશા બદલાઈ ગઈ. એક રૂપચંદજી નામના સાધર્મી મળ્યા તેમણે ગોમ્મટસાર આપ્યું તે વાંચતા જ સ્વચ્છંદથી એકદમ પાછા ફરી ગયા. સમકિતીની દશા, શ્રાવકની દશા, તેનો વ્યવહાર આદિ કેવું હોય એ જાણતાં દૃષ્ટિ ખુલી ગઈ. પછી રાજમલજી કૃત કળશટીકા મળી, તે વાંચીને તેના ઉપરથી બનારસીદાસજીએ આ નાટક સમયસાર લખ્યું. તેનું વાંચન આજે આપણે શરૂ કરીએ છીએ.

પ્રથમ જ ૐ થી શાસ્ત્રની શરૂઆત થાય છે. ૐ એટલે ભગવાનની વાણી. ભગવાનને જ્યાં અખંડદશા પ્રગટ થાય છે ત્યાં વાણી પણ અખંડ આવે છે. 'ૐકાર સૂણી અર્થ ગણધર વિચારે...' ભગવાનની એકાક્ષરી વાણી સાંભળીને તેના ઉપરથી ગણધરદેવ ૧૨ અંગની રચના કરે છે. ૐ પાંચેય પરમેષ્ટીના પદનું વાચક છે.

'શ્રી પરમાત્માને નમઃ' જેને પૂર્ણ આનંદ અને જ્ઞાન પ્રગટ થયા છે એવા લક્ષ્મીવંત પરમાત્માને હું નમસ્કાર કરું છું. હવે હિન્દી ટીકાકાર મંગલાચરણમાં કહે છે કે આ સમયસાર નાટકમાં નિજસ્વરૂપનો પરમરસ ભર્યો છે. નિજસ્વરૂપ કેવું છે? પરમ આનંદમય છે. એ અપાર, અપરિમિત, અવિચળ, અનંત આનંદમય ભગવાન-આત્માને હું વંદન કરું છું.

બે હજાર વર્ષ પહેલાં સંવત ૪૯માં કુંદકુંદ મુનિરાજ થઈ ગયા તે કેવા હતાં? કે મુનિ-ચન્દવર એટલે મુનિઓમાં પણ જે શ્રેષ્ઠ હતાં તેમણે આ સમયસાર શાસ્ત્રની

રચના કરી. તેના ઉપર શ્રી અમૃતચંદ્ર આચાર્યે ટીકા લખી અને જેમ મંદિર ઉપર કળશ હોય તેમ ટીકા ઉપર કળશની રચના પણ અમૃતચંદ્ર આચાર્યદેવે કરી છે, તે કળશોનો આ નાટક-સમયસારમાં અર્થ ભર્યો છે.

બનારસીદાસજી ગૃહસ્થ હતાં પણ આતમરસી હતાં. ગૃહસ્થાશ્રમમાં કાંઈ આત્માનો રસ ન લઈ શકાય એવું નથી. ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં ધર્મીને આત્માના આનંદનો જ રસ છે. રાગ આવે છે પણ તેનો રસ નથી. જુઓને! ભરત ચક્રવર્તી આદિ થઈ ગયા તેને તો ઘરે ૯૬૦૦૦ રાણી અને ૯૬ કરોડ તો પાયદળ હતું. પણ તેની શ્રદ્ધા શું કામ કરતી હતી કે 'હું જ્યાં છું ત્યાં આ નથી, હું જ્યાં છું ત્યાં તો આનંદ છે.' આવા જ આત્મરસિક બનારસીદાસજી થઈ ગયાં.

હવે બનારસીદાસજી પોતે મંગલાચરણ કરે છે. જેવા શૃંગારકવિ હતાં તેવાં જ ગુંલાંટ ખાઈને જબ્બર અધ્યાત્મકવિ થઈ ગયા હતાં. તેમણે ૨૪ તીર્થંકરમાંથી ત્રેવીશમાં તીર્થંકર પાર્શ્વનાથની સ્તુતિ રચી છે કેમ કે પાર્શ્વનાથ કાશી-બનારસમાં થઈ ગયાં અને આ કવિ પણ ત્યાં જ થઈ ગયાં એટલે તો માતા-પિતાએ તેમનું નામ 'બનારસી' રાખ્યું હતું.

પાર્શ્વનાથ ભગવાન કેવા હતાં? કે જેમ સૂર્ય અંધકાર હરે છે તેમ ભગવાન અજ્ઞાનરૂપી અંધકારને હરવા માટે સૂર્ય સમાન છે. ભગવાન મોક્ષમાર્ગને બતાવવાવાળા છે. પૂર્ણાનંદને પ્રાપ્ત ભગવાન સર્વજ્ઞને ઇચ્છા વિના વાણી છૂટે છે તે મોક્ષનો માર્ગ દેખાડે છે, તે કાંઈ સંસારમાર્ગ બતાવતી નથી કે કેમ તમારો સંસાર સારો ચાલે, કેમ તમે વિદ્યા ભણો ને આગળ વધો એવું ભગવાન કહેતા નથી. ભગવાન તો 'શિવમારગ-દરસી' છે, સંસારમાર્ગદરસી નથી.

करम–भरम जग–तिमर–हरन खग,
उरग–लखन–पग सिवमगदरसी ।
निरखत नयन भविक जल बरखत,
हरखत अमित भविकज–सरसी ॥
मदन–कदन–जित परम–धरमहित,
सुमिरत भगति भगति सब डरसी ।
सजल–जलद–तन मुकुट सपत–फन,
कमठ–दलन जिन नमत बनरसी ॥ २ ॥

ભગવાનના દર્શન કરતાં ભવ્યજીવોના નેત્રોમાંથી આનંદના આંસુ વહે છે. પૂર્ણ

આનંદરસમાં તરબોળ પ્રભુને જોતાં ભવ્યને એમ થાય છે અહો આવા પ્રભુ! પરમ શાંત પૂર્ણ આનંદરસના ઢીમ થઈ ગયા છે એવા પ્રભુના શરીરમાંથી પણ જાણે શાંતરસ ઝલકે છે. તેને જોતાં ભવ્યની આંખમાંથી હરખના આંસુ ટપકે છે. આનંદઘનજી કહે છે 'દેખણ દે સખી મને દેખણ દે, ચંદ્રપ્રભુ મુખચંદ સખી દેખણ દે' અરે! હું એકેન્દ્રિય, બેઇન્દ્રિ, કાગડા-કૂતરાંના ભવમાં ભમતો હતો ત્યાં ક્યાંય મને પ્રભુનાં દર્શન થયા નથી.

અરે, હું ક્યા હતો? નિગોદમાં-પાણીનાં એક ટીપામાં કેટલા જીવ, પાણી ઉપર લીલફૂગ હોય તેમાં એક કણીમાં અસંખ્ય તો શરીર અને એક એક શરીરમાં અનંત જીવ...હવે એ જીવ ક્યારે મનુષ્ય થાય અને પ્રભુનાં દર્શન કરે! 'દેખણ દે સખી દેખણ દે...' મારાં નયનની આળસે જ મેં હરિને નિરખ્યા નહિ, વિકાર અને અજ્ઞાનને હરનાર એવા નિજ ભગવાન-હરિને મેં જોયા નહિ. બીજું જોવાના અજ્ઞાનમાં રોકાતા મેં મારા હરિને ન જોયાં. એમ જેને પોતાના હરિને જોવાની લગની લાગી છે તેને ભગવાનને નિરખતાં આનંદના આંસુ આવી જાય છે. તેનો હરખ ક્યાંય સમાતો નથી.

જુઓ! આ પરમાત્માની સ્તુતિ છે પણ ખરેખર તો ભવ્યજીવ પરમાત્માનું બહાનું લઈને આત્માની સ્તુતિ કરે છે. પ્રભુને જોતાં ભવ્યરૂપી સરોવર પ્રસન્ન થઈ જાય છે. તેને અમર્યાદિત-અપાર આનંદ થાય છે.

'મદન-કદન-જીત' ભગવાને કામદેવને યુદ્ધમાં હરાવી દીધો છે. ભગવાન આત્માના પરમ શાંતરસને અનુભવતાં કામનો રસ રહેતો નથી. કામની વાસનાનો નાશ કરનારો જ ભગવાન આત્મા છે. કામની વાસના રાખનારો તે ભગવાન આત્મા નથી.

ભગવાન ઉત્કૃષ્ટ જૈનધર્મના હિતકારી છે-પરમધર્મને પ્રભુ હિતકર છે. જેમનું સ્મરણ કરતાં જ ભક્તજનોના બધાં ભયો દૂર ભાગે છે.

પાર્શ્વનાથ ભગવાનનું શરીર કેવું હતું? કે સજલ-જલદ પાણીથી ભરેલાં વાદળાં જેવું નીલ રંગનું હતું. એવું નમણું શરીર કે બધાં અંગો જાણે મોરની જેમ કળા કરેલાં ન હોય? સાત ફેણનો તો જેનો મુગટ હતો. પાર્શ્વનાથ જ્યારે મુનિદશામાં ધ્યાનમાં ઉભા હતાં ત્યારે ઉપરથી અસુરદેવપર્યાયને પ્રાપ્ત કમઠનું વિમાન નીકળ્યું હતું. કુદરતના નિયમ પ્રમાણે નિયમ છે કે આનંદના સાધક સંત જ્યાં બિરાજતાં હોય ત્યાં તેમને નમ્યા વગર વિમાન આગળ ન જઈ શકે. ત્યાં જ થંભી જાય. તે અનુસાર કમઠના જીવનું વિમાન થંભી ગયું. જ્યાં નીચે આવીને જુએ છે તો પાર્શ્વનાથ ધ્યાનમાં લીન છે. એકદમ કમઠને ગુસ્સો આવ્યો કે અરે, તેં મારું વિમાન અટકાવ્યું?

આઠ ભવથી કમઠને વેર ચાલ્યું આવતું હતું. ક્રોધમાં આવીને પાર્શ્વનાથ ઉપર

વરસાદ વરસાવ્યો, પથ્થર ફેંક્યા, વીજળીના ઝબકારા કર્યા, પોતે ભૂત-પ્રેતનું રૂપ લઈને આવ્યો પણ પ્રભુ તો ધ્યાનમાં લીન છે.

ભગવાન પાર્શ્વનાથ જ્યારે રાજ્ય અવસ્થામાં હતાં ત્યારે એકવાર ફરવા ગયેલાં ત્યારે તેના નાના ( માતાના પિતા ) જે તાપસ થઈ ગયેલાં તે યજ્ઞમાં લાકડાં હોમી રહ્યાં હતાં. પાર્શ્વનાથે અવધિજ્ઞાનથી જોયું કે આ લાકડામાં તો અંદર નાગ અને નાગણ બે બેઠાં છે, બળી જશે. લાકડું ફાડીને જોયું તો બંને જીવ છેલ્લી સ્થિતિમાં છે. બંનેને પાર્શ્વનાથે નમસ્કારમંત્ર સંભળાવ્યા. તે નાગ અને નાગણ મરીને સ્વર્ગમાં ધરણેન્દ્રદેવ અને દેવી થયાં. અત્યારે પણ એ દેવ અને દેવીરૂપે સ્વર્ગમાં છે. ભગવાન ઉપર ઉપસર્ગ થયો ત્યાં તેનું આસન કંપ્યું અને દેવ-દેવીએ આવીને ભગવાનના ઉપસર્ગનું નિવારણ કર્યું હતું. સાત ફેણવાળા સર્પનું રૂપ લઈને પ્રભુ ઉપર છાયા કરીને અખંડ જળવૃષ્ટિથી રક્ષણ કર્યું હતું એ હેતુથી જ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ઉપર સાત ફેણોનું ચિહ્ન પ્રચલિત છે અને તેથી જ અહીં કવિએ મુગટની ઉપમા આપી છે.

આ રીતે કમઠના જીવને અસુર પર્યાયમાં જેણે હરાવ્યો હતો એવા આ પાર્શ્વનાથ જિનરાજને બનારસીદાસજી વંદન કરે છે.

જુઓ ! એક શ્લોકમાં કેટલું ભર્યું છે. ભગવાન કેવા હોય, છદ્મસ્થદશામાં ભગવાન ઉપર કેવા ઉપસર્ગ આવ્યા હતાં, તેનું નિવારણ ધરણેન્દ્ર-પદ્માવતીએ કેવી રીતે કર્યું હતું વગેરે ઘણી વાતો આ પ્રથમ સ્તુતિમાં આવી ગઈ.

આ મંગલાચરણની સ્તુતિ હતી. મંગલનો અર્થ એ થાય છે કે મંગ = પવિત્રતા અને લ = લાતિ. પવિત્રતાને લાવે તે મંગલ છે. અથવા મમ્ = પાપ , ગલ = ગાળે. ભગવાન આનંદસ્વરૂપમાં આવીને અજ્ઞાન અને રાગ-દ્વેષના પાપને ગાળે તે મંગલ છે. પૈસા મળવો કે માન મળવું તે મંગલ નથી.

'દેશભૂષણ'નો ઈલકાબ ને એવા બધાં ઈલકાબો મળે છે ને! પણ તેનાથી આત્માને શું લાભ છે ? એ તો બધું નાશવાન છે. માંગલિક નથી.

હવે અહીં બીજી સ્તુતિ શરૂ કરીએ.

सकल–करम–खल–दलन,
कमठ–सठ–पवन कनक–नग ।
धवल परम–पद–रमन,
जगत -जन–अमल–कमल–खग ॥

परमत-जलधर-पवन,
सजल–घन–सम-तन समकर ।
पा–अघ-रजहर जलद,
सकल जन-नत भव-भय-हर ॥
जमदलन नरकपद–छयकरन,
अगम अतट भवजलतरन ।
वर-सबल-मदन-वन-हरदहन,
जय जय परम अभयकरन ॥ २ ॥

ભગવાનને પણ પહેલાં કર્મો તો બંધાયેલા હતા તેને સ્વભાવના ભાન અને આનંદમાં લીનતા દ્વારા ભગવાને તે દુષ્ટ કર્મોનો નષ્ટ કર્યો છે. કમઠરૂપ પવનની સામે ભગવાન મેરુ સમાન છે એટલે કમઠના તીવ્ર ઉપસર્ગની સામે ભગવાન સોનાના મેરુની જેમ અડગ રહ્યા હતાં. તે કોઈના ડગાવ્યા ડગે નહિ, હલાવ્યા હલે નહિ. એ તો પોતાના આનંદમાં મ્હાલતાં હતાં. અંદરમાં અમૃતરસના ઘૂંટડા પીતા હતાં. આ તો સર્વજ્ઞ થયા પહેલાંની વાત છે. ત્યારે પણ ભગવાન કમઠના જીવે ચલાવેલ ઉગ્ર આંધીના ઉપસર્ગથી રંચમાત્ર ચલિત થયાં ન હતાં. ઇતિહાસ પણ ભેગો કહેતાં જાય છે કે આમ બન્યું હતું.

ભગવાન તો અત્યારે નિર્વિકાર સિદ્ધપદમાં રમણ કરે છે. ધવલ એટલે વિકાર રહિત નિર્મળ દશામાં પ્રભુ રમણ કરે છે એવા પ્રભુ સંસારી જીવોરૂપી કમળોને પ્રફુલ્લિત કરવા માટે સૂર્ય સમાન છે. જેમ સૂર્ય ઉગતાં કમળ ખિલી જાય છે તેમ ભગવાન એવા હતાં કે જેને જોતાં અને વાણી સાંભળતા ભવ્યજીવોના હૃદયકમળ ખિલી જતાં હતાં હવે વિશેષ સ્તુતિ આગળ કહેવાશે. (ક્રમશઃ)

## 卐 તું પુરુષાર્થ કર 卐

ગુરુદેવનો તો પરમ ઉપકાર છે. પર ને વિભાવ સાથેની એકત્વબુદ્ધિ તોડીને અંદર ચૈતન્ય તરફ સન્મુખતા કરી તેની સાથે એકત્વ કરે તો વસ્તુસ્વરૂપ યથાર્થ સમજાય. એકત્વ માટે તેનો નિરંતર અભ્યાસ, લગની અને વારંવાર પ્રયત્ન કરવો જોઈએ. ગુરુદેવે તો ચારે પડખેથી માર્ગ બતાવ્યો છે—એટલો ચોખ્ખો કરીને બતાવ્યો છે કે ક્યાંય ભૂલ રહી ન જાય; પણ પુરુષાર્થ કરવાનો તો પોતાને છે. —પૂજ્ય બહેનશ્રી

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

સમ્યગ્દષ્ટિ જીવ ધર્મની દુર્લભતાનો વિચાર કરે છે. સમ્યગ્દર્શન અનંતકાળમાં પૂર્વે એક સેકંડ પણ પ્રાપ્ત નથી કર્યું, તે પ્રાપ્ત કરવું જીવને મહા દુર્લભ છે.

પહેલાં તો નિગોદ દશામાંથી નિકળીને ત્રસપર્યાય પામવી દુર્લભ છે. કદાચિત્ ત્રસ થયો તો તેમાં પંચેન્દ્રિયપણું તથા તેમાં પણ સંજ્ઞીપણું પામવું દુર્લભ છે. પંચેન્દ્રિય સંજ્ઞીપણામાં પણ નરક–તિર્યંચના ભયાનક દુઃખો ભોગવે છે. તેમાં મનુષ્યપણું બહુ મોંઘુ છે. આત્મા શું ને સમ્યગ્જ્ઞાન શું ? તે સમજણ અનંતકાળમાં જીવને દુર્લભ છે. મનુષ્યપણું તો દુર્લભ છે પણ સમ્યગ્દર્શન તો તેનાથી યે પરમ દુર્લભ છે. પહેલાં મનુષ્યપણાની દુર્લભતા બતાવે છે.

**ततः निःसृत्य पुनरपि तिर्यक्षु जायते पापं ।**<br>
**तत्र अपि दुःखं अनन्तं विषहते जीवः अनेकविधम् ॥ २८९ ॥**

અર્થ:—એ નરકમાંથી નીકળી ફરી તિર્યંચગતિમાં ઉપજે છે; ત્યાં પણ જેમ પાપરૂપ થાય તેમ આ જીવ અનેક પ્રકારના અનંત દુઃખ વિશેષતાપૂર્વક સહે છે. ૨૮૯.

નરકમાંથી નીકળીને તિર્યંચ થાય. ત્યાં માંસભક્ષણ વગેરે મહાપાપ કરીને પાછો નરકમાં જાય છે. જ્યાં અનંતકાળે મનુષ્ય થાય ત્યાં પણ જો ધર્મ સમજવાની દરકાર ન કરે તો ફરી પાછો અનંતકાળ નરક–નિગોદમાં રખડે છે. ઉંદર થાય ને બીજો તેના ઉપર ધગધગતું ( ગરમ ) પાણી રેડે, એ પ્રમાણે તિર્યંચ વગેરે ગતિનાં ભયંકર દુઃખ જીવ ભોગવે છે. મનુષ્યપણું પામ્યો ત્યારે દરકાર કરી નહીં. મનુષ્યપણું પામીને પણ સત સાંભળવા મળવું દુર્લભ છે ને તેમાંય તેનો નિર્ણય કરીને સમ્યગ્દર્શન કરવું તે તો અપૂર્વ છે. એક જગ્યાએ ભૂંડને જીવતું બાંધીને અગ્નિમાં શકરકંદની જેમ બાફતા હતા, જુઓ જીવની દશા! પણ મનુષ્ય થઈને આત્માની દરકાર ન કરે તેને સંસારમાં આવા અનંત અવતાર થાય છે. સમ્યગ્દષ્ટિ કહે છે કે હવે મારે આ અવસર ગૂમાવવો નથી, હું સમ્યગ્દર્શન પૂર્વક ચારિત્ર દશા પ્રગટ કરી વીતરાગતા અને કેવળજ્ઞાન કરીને હવે મુક્તિ પામવાનો છું. હવે આ સંસારમાં આવા અવતાર કરવાનો નથી.

આગળ કહે છે કે મનુષ્યપણું પામવું મહાદુર્લભ છે. ત્યાં પણ મિથ્યાદષ્ટિ બની પાપ ઉપજાવે છે.

रत्नं चतुष्पथे इव मनुजत्वं सुष्टु दुर्लभं लब्ध्वा ।
म्लेच्छः भवति जीवः तत्र अपि पापं समर्जयति ॥ २९० ॥

અર્થ:—તિર્યંચમાંથી નીકળી મનુષ્યગતિ પામવી અતિ દુર્લભ છે. જેમ ચાર પંથ વચ્ચે રત્ન પડી ગયું હોય તો તે મહાભાગ્ય હોય તો જ હાથમાં આવે છે તેમ (માનવપણું) દુર્લભ છે. વળી આવો દુર્લભ મનુષ્યદેહ પામીને પણ જીવ મિથ્યાદષ્ટિ બની પાપ ઊપજાવે છે. ૨૯૦.

મનુષ્યપણું પામીને ઘણા જીવો તો ધર્મને માનતા નથી, પરલોકને માનતા નથી ને ધર્મનો અનાદર કરીને મહા પાપ બાંધી નરક–નિગોદમાં રખડે છે મનુષ્યપણું પામે તેમાં અનાર્ય થાય. મિથ્યાદષ્ટિ પામી જીવોના સંગે પાપ ઊપજાવે પણ આર્યપણું અને સત્સંગ મળવો દુર્લભ છે.

આગળ કહે છે કે મનુષ્ય પણ થાય અને તે આર્યખંડમાં પણ ઉપજે તોપણ ત્યાં ઉત્તમ કુળાદિ પામવા અતિ દુર્લભ છે.

अथ लभते आर्यावर्तं तथा न अपि प्राप्नोति उत्तमं गोत्रम् ।
उत्तमकुले अपि प्राप्ते धनहीनः जायते जीवः ॥ २९१ ॥

અર્થ:—મનુષ્યપર્યાય પામી કદાચિત્ આર્યખંડમાં પણ જન્મ પામે તો ત્યાં ઉચ્ચ કુળ પામવું દુર્લભ છે. કદાચિત્ ઉચ્ચ કુળમાં પણ જન્મ પામે તો ત્યાં ધનહીન દરિદ્રી થાય અને તેનાથી કાંઈ સુકૃત્ય નહિ બનતાં પાપમાં જ લીન રહે છે. ૨૯૧.

કદાચ આર્યખંડમાં જન્મે, તો ત્યાં પણ ઉત્તમકુળ પામવું દુર્લભ છે. ખાનદાન કુળ, સારા માતા–પિતા તથા ધર્મની લાગણીવાળા જીવોનો સંગ મળવો દુર્લભ છે. ખાનદાન જીવને પાપની લાગણી થતાં પણ શરમ–શરમ લાગે. ઊંચ કુળમાં અવતરીને પણ ધર્મની લાગણી થવી તે દુર્લભ છે. ઊંચકુળમાં અવતરે ત્યાં પણ આખી જિંદગી પાપમાં લીન રહે, ધર્મની લાગણી ઉત્પન્ન થવી તે પણ દુર્લભ છે. પાપ ભાવમાંથી નવરો થાય ત્યારે કાંઈક સારું કામ કરે ને? પૈસાવાળા પૈસાની મમતાના પાપભાવમાં સલવાણા ને દરિદ્રી જીવો પૈસા કમાવાના પાપભાવમાં સલવાણા, તેમાંથી નિવૃત્ત થઈને અંદર ધર્મની લાગણી ઊપજવી તે દુર્લભ છે. આત્માનું કાંઈક હિત કરવાની લાગણી પણ બહુ થોડા જીવોને ઊપજે છે.

अथ धनसहितः भवति स्फुटं इन्द्रियपरिपूर्णता ततः दुर्लभा ।
अथ इन्द्रियसम्पूर्णः तथापि सरोगः भवेत् देहः ॥ २९२ ॥

અર્થ:—વળી જો ધનવાનપણું પણ પામે તો ત્યાં ઇન્દ્રિયોની પરિપૂર્ણતા પામવી

અતિ દુર્લભ છે. કદાચિત્ ઇન્દ્રિયોની સંપૂર્ણતા પણ પામે તો ત્યાં રોગ સહિત દેહ પામે પણ નીરોગ હોવું દુર્લભ છે. ૨૯૨.

ઉત્તમ કુળ અને ધનવાનપણું પામે તો ત્યાં પાંચ ઇન્દ્રિયોની પૂર્ણતા પામવી અતિ દુર્લભ છે. ઇન્દ્રિયો વગેરેની પૂર્ણતા હોય તો ત્યાં શરીર રોગી હોય, ક્ષય થાય; અહીં આ બધું બતાવવાનો હેતુ પૈસા કે શરીર વગેરેનો મહિમા બતાવવાનો નથી, પણ આવું મનુષ્યપણું પામીને અંદર આત્માની સમજણ કરવા માટે આ વર્ણન છે. ભાઈ! આવું દુર્લભ મનુષ્યપણું પામ્યા તો હવે એવું કર કે આ સંસારભ્રમણનો અંત આવી જાય. બોધિ એટલે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તેની દુર્લભતા છે. માટે તેનો પ્રયત્ન કર. બીજું તો બધું અનંતવાર મળી ગયું. મનુષ્યપણું અને સ્વર્ગ પણ અનંતવાર મળ્યું પણ અંદરમાં ચિદાનંદસ્વભાવનું ભાન પૂર્વે કદી કર્યું નથી. તેથી તે જ ખરેખર મહાદુર્લભ છે, માટે તે જ કરવા જેવું છે.

અરે જીવ! "મનુષ્યભવનાં ટાણાં રે ફરીને નહિ મળે"....માટે આત્માની દરકાર કરીને તત્ત્વની સમજણ કર. અત્યારે "सब अवसर आ चुका है।" માટે જે રીતે આત્માનું કલ્યાણ થાય એવું કર.

જુઓ તો ખરા, મનુષ્યપણામાં ધર્મશ્રવણની પણ કેવી દુર્લભતા છે.

**अथ नीरोगः भवति स्फुटं तथापि न प्राप्नोति जीवितं सुचिरम् ।**
**अथ चिरकालं जीवति तत् शीलं नैव प्राप्नोति ॥ २९३ ॥**
**अथ भवति शीलयुक्तः तथापि न प्राप्नोति साधुसंसर्गम् ।**
**अथ तमपि कथं अपि प्राप्नोति सम्यक्त्वं तथा अपि अतिदुर्लभम् ॥२९४॥**

અર્થ:—અથવા કદાચિત્ નીરોગ પણ થાય તો ત્યાં દીર્ઘ જીવન અર્થાત્ દીર્ઘાયુ ન પામે; એ પામવું દુર્લભ છે; અથવા કદાચિત્ દીર્ઘ આયુ પણ પામે તો ત્યાં શીલ અર્થાત્ ઉત્તમ પ્રકૃતિ–ભદ્રપરિણામ ન પામે; તેથી સુષ્ઠુ (ઉત્તમ–ભદ્ર–સરળ) સ્વભાવ પામવો દુર્લભ છે.

કદાચિત ઉત્તમસ્વભાવ પણ પામે તો ત્યાં સાધુપુરુષોની સંગતિ પામે નહિ, અને તે પણ કદાચિત્ પામે તો ત્યાં સમ્યગ્દર્શન પામવું–સત્શ્રદ્ધાન થવું અતિ દુર્લભ છે. ૨૯૩–૨૯૪

આનદાનકુળ, ધનવાનપણું, નીરોગ શરીર તથા લાંબુ આયુષ્ય એ બધુંય પામીને પણ અંતરમાં ઉત્તમ સરળ સ્વભાવ પામવો દુર્લભ છે. પરિણામમાં તીવ્ર વક્રતા હોય, મહા સંકલિષ્ટ પરિણામ હોય. ક્રોધ, માન–માયા–લોભ તીવ્ર હોય ત્યાં ધર્મનો વિચાર ક્યાંથી કરે? વિષય–કષાયનો લંપટી હોય ને સરળ મંદકષાયના પરિણામ પણ ન હોય,

તેને ધર્મની પાત્રતા પણ નથી, એટલે મંદકષાયના સરળ પરિણામ થવા પણ દુર્લભ છે. હજી ધર્મ તો જુદી ચીજ છે. સરળ પરિણામ થયા તે કાંઈ ધર્મ નથી પણ અહીં તો એમ કહે છે કે સરળ પરિણામ થવા પણ દુર્લભ છે તો પછી ધર્મની દુર્લભતાની તો શી વાત!! ઘણાં જીવોને સરળ પરિણામ થવા છતાં સત્સમાગમ મળવો દુર્લભ છે. કોઈક લૌકિક માણસો પણ મંદકષાયવાળા હોય છે, પણ વીતરાગી સર્વજ્ઞશાસનના તત્ત્વ સમજાવનારનો સત્સમાગમ મળવો બહુ દુર્લભ છે. મંદકષાય કરે પણ કુદેવ-કુગુરુના સંગે ચડીને ઊંધી શ્રદ્ધાને પોષીને મનુષ્યપણું હારી જાય છે. વીતરાગી દેવ-ગુરુનો સમાગમ મળવો મહા દુર્લભ છે. ધર્મનું યથાર્થસ્વરૂપ સમજાવનારા જ્ઞાનીપુરુષોનો સમાગમ મહાભાગ્યથી મળે છે, સત્ સમજવાની યોગ્યતા હોય ત્યારે આવી વાણી સાંભળવા મળે અને સત્સમાગમ પામીને પણ અંતરમાં સમ્યગ્દર્શન પામવું તે તો પરમ દુર્લભ છે.

અહો! જંગલમાં વિચરતા આત્માના આનંદમાં ઝૂલતાં એવા વીતરાગી સંત મુનિઓનાં દર્શન પામવા પણ દુર્લભ છે. કોઈ મહાભાગ્યે એવો સત્સમાગમ મળ્યો તો ત્યાં સત્ સમજીને અંતરમાં જ્ઞાનાનંદસ્વભાવની દૃષ્ટિ કરવી તે દુર્લભ છે એવા સમ્યગ્દર્શન વગર બધુંય એકડા વગરના મીંડા જેવું છે. સર્વજ્ઞ ભગવાને કહેલાં દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા થયા પછી પણ અંદર સમ્યગ્દર્શન થવું તો અપૂર્વ પુરુષાર્થ માગે છે. મનુષ્યપણું સરળ પરિણામ, દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા તે દુર્લભ હોવા છતાં તે તો પૂર્વે અનંતવાર પામી ગયો છે પણ સમ્યગ્દર્શન અપૂર્વ ચીજ છે. જુઓ, અત્યારે સબ અવસર આવી ગયો છે. માટે સત્ય સમજીને આત્માનું કલ્યાણ કરી લેવું—એવો ઉપદેશ છે. "અહો! હું પરિપૂર્ણ ભગવાન છું, મારો આત્મા જ પરમાત્મા છે, રાગાદિની વૃત્તિ ઊઠે તેટલું મારું સ્વરૂપ નથી." આવી આત્મશ્રદ્ધા થવી તે દુર્લભ છે. દુર્લભતા વર્ણવતાં વર્ણવતાં ઠેઠ સ્વભાવની શ્રદ્ધા સુધી લાવ્યા, સ્વભાવની શ્રદ્ધા કરીને સમ્યગ્દર્શન કરવું તે જ પૂર્વે કદી નહિં કરેલ એવું અપૂર્વ દુર્લભ છે. તીર્થંકરના સમવસરણમાં ગયો, પણ ભગવાને જે રીતે કહ્યું તેવું આત્મસ્વરૂપ તેના અંતરમાં ન બેઠું તેથી સંસાર પરિભ્રમણનો અંત ન આવ્યો.

સમ્યગ્દર્શન પછી ચારિત્રની પણ દુર્લભતા છે તે કહે છે.

**सम्यक्त्वे अपि च लब्धे चारित्रं नैव गृह्णाति जीवः ।**
**अथ कथमपि तत् अपि गृह्णाति तत् पालयितुं न शक्नोति ।। २९५ ।।**

અર્થઃ—કદાચિત્ સમ્યક્ત્વ પણ પામે તો ત્યાં આ જીવ ચારિત્ર ગ્રહણ કરે નહીં, કદાચિત ચારિત્ર પણ ગ્રહણ કરે તો તેને નિર્દોષપણે પાલન કરી શકે નહીં. ૨૯૫.

અહો! સમ્યગ્દર્શન થવું તે મહા અપૂર્વ ચીજ છે; પણ તે સમ્યગ્દર્શન પછી

પણ વીતરાગી ચારિત્રરૂપ મુનિદશા થવી તે દુર્લભ છે. સમ્યગ્દર્શન પછી સમ્યક્‌ચારિત્રની દુર્લભતા છે. પહેલાં સમ્યગ્દર્શનની વાત કરીને પછી ચારિત્રની વાત લીધી. સમ્યગ્દર્શન વગર તો ચારિત્ર હોય જ નહીં.

અહો! ચારિત્રદશા તો અલૌકિક છે. અંદર રોમરોમમાં વૈરાગ્ય છવાઈ ગયો હોય! સિદ્ધ જેવા અતીન્દ્રિય આનંદનો ઘણો અનુભવ અંદર કરે છે. જેમ જંગલમાં ફરતાં સિંહ–વાઘ ત્રાડ નાખે છે તેમ જંગલમાં આત્માનંદમાં ઝૂલતા સંતો કેવળજ્ઞાનને માટે અંદરમાં પુરુષાર્થની ત્રાડ નાખે છે. મુક્તિ લેવા માટે આવી મુનિદશા પ્રગટ કરવી જોઈએ. મુનિદશા હઠથી થતી નથી. સમ્યગ્દર્શન થતાં અનંત સંસાર તો કપાઈ ગયો પણ અંદરમાં ચૈતન્યની લીનતાથી કેવળજ્ઞાન થાય એવી ઉગ્ર ચારિત્રદશા તે દુર્લભ છે.

શ્રોતાઃ—સમજ પીછે સબ સરલ હૈ—એમ કહ્યું છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—ત્યાં તો સમજણ સહેલી છે એની વાત કરી છે; સમ્યગ્દર્શન પછી ક્રમે ક્રમે રાગનો અભાવ કરીને અલ્પકાળે ચારિત્રનો પુરુષાર્થ થયા વિના રહેશે નહીં—એ અપેક્ષાએ જ્ઞાનીને બધું સહજ કહેવાય. જ્ઞાનીને સ્વભાવના અવલંબને બધા સમાધાન વર્તે છે. સમ્યગ્દર્શન સહિત સમ્યક્‌ચારિત્ર ગ્રહણ કરે તો તે ચારિત્રદશાનું નિર્દોષરૂપે પાલન કરવું દુર્લભ છે.

रत्नत्रये अपि लब्धे तीव्रकषायं करोति यदि जीवः ।
तर्हि दुर्गतिषु गच्छति प्रणष्टरत्नत्रयः भूत्वा ॥ २९६ ॥

અર્થઃ—આ જીવ કદાચિત્ રત્નત્રય પણ પામે અને ત્યાં તીવ્ર કષાય કરે તો નાશને પ્રાપ્ત થયું છે રત્નત્રય જેનું એવો બની, દુર્ગતિમાં ગમન કરે છે. ૨૯૬.

ભાવલિંગી સાધુ હોય ને કોઈવાર દુશ્મન વગેરે ઉપર તીવ્ર ક્રોધ કરે તો ચારિત્રનો નાશ થઈ જાય ને સમ્યગ્દર્શનનો પણ નાશ થઈ જાય! રાજા વગેરે ઉપર ક્રોધ થતાં તેને કષાયથી બાળી નાખે તો રત્નત્રયથી ભ્રષ્ટ થઈને નરકાદિમાં રખડે છે. આ દુર્લભતા બતાવવા માટેની વાત છે.

અહો! આવું મનુષ્યપણું અને તેમાં રત્નત્રયરૂપ બોધિની દુર્લભતા છે. માટે જીવને રત્નત્રયની પ્રાપ્ત થાઓ—એમ હવે કહે છે.

रत्नं इव जलधिपतितं मनुजत्वं तत् अपि भवति अतिदुर्लभम् ।
एवं सुनिश्चित्य मिथ्यात्वकषायान् च वर्जयत ॥ २९७ ॥

અર્થઃ—જેમ મહાન સમુદ્રમાં પડી ગયેલું રત્ન ફરી પામવું દુર્લભ છે તેમ આ

મનુષ્યપણું પામવું દુર્લભ છે.—એવો નિશ્ચય કરી હે ભવ્ય જીવો! આ મિથ્યાત્વ અને કષાયને છોડો. એવો શ્રીગુરુઓનો ઉપદેશ છે. ૨૯૭.

મોટા દરિયામાં મોજા ઊછળતાં હોય ને અંદર રત્ન પડી જાય તો તે હાથ આવવું જેમ દુર્લભ છે, તેમ સંસાર સમુદ્રમાં અનંતકાળે મનુષ્યપણું હાથ આવ્યું છે, તે ફરી ફરીને મળવું મોઘું છે માટે હે ભવ્ય જીવો! આ દુર્લભ મનુષ્યપણામાં સત્સમાગમે મિથ્યાત્વ અને કષાયભાવોને છોડો ને સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રરૂપ રત્નત્રયને અખંડપણે આરાધો! આવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

अथवा देवः भवति स्फुटं तत्र अपि प्राप्नोति कथमपि सम्यक्त्वम् ।
ततः तपश्चरणं न लभते देशयमं शीललेशं अपि ॥ २९८ ॥

અર્થ:—અથવા મનુષ્યપણામાં કદાચિત્ શુભપરિણામોથી દેવ પણ થાય અને કદાચિત્ ત્યાં સમ્યક્ત્વ પણ પામે તો ત્યાં તપશ્ચરણ-ચારિત્ર પામતો નથી. દેશવ્રત, શ્રાવકવ્રત તથા શીલવ્રત એટલે બ્રહ્મચર્ય અથવા સસશીલનો લવલેશપણ પામતો નથી. ૨૯૮

મનુષ્ય થઈને શુભ પરિણામ કર્યા ને અનંતવાર દેવ થયો. તે દેવલોકમાં કદાચ સમ્યગ્દર્શન પામે પણ ત્યાં ચારિત્રદશા હોતી નથી. દેવોને વ્રતાદિ હોતા નથી. ઇંદ્ર-ઇંદ્રાણી સમ્યગ્દષ્ટિ એકાવતારી છે. તેઓ ભગવાનના જન્મ વગેરે પ્રસંગે આવીને ભક્તિ કરે છે, તેમને આત્માનું ભાન હોય છે પણ ત્યાં ચારિત્રદશા હોતી નથી. લોકાંતિકદેવો સમ્યગ્દષ્ટિ હોય છે, બ્રહ્મચારી જ હોય છે, પણ ત્યાં વ્રતરૂપ બ્રહ્મચર્ય હોતું નથી. દેશવ્રત, શ્રાવકવ્રત તથા શીલવ્રત એવા પંચમ ગુણસ્થાનને યોગ્ય સંયમ ત્યાં હોતો નથી. માટે રત્નત્રયની મહા દુર્લભતા છે. રત્નત્રય મનુષ્યપણામાં જ હોય છે. માટે મનુષ્યપણું પામીને રત્નત્રયની આરાધના કરવાનો ઉપદેશ છે.

[ ક્રમશઃ ]

—✻—

## ✻ જ્ઞાતાપણાની ધારાનો અભ્યાસ કર ✻

હું જ્ઞાયક છું, જ્ઞાયક છું—એમ જ્ઞાતાપણાની ધારાનો અભ્યાસ કરવો. યથાર્થ તો પછી થાય છે પણ પહેલાં એનો અભ્યાસ થાય છે. એનો અભ્યાસ વારંવાર કરે તો તે પ્રગટ થયા વિના રહે નહિ. કરવાનું એ એક જ છે. અનાદિ કાળમાં જીવે એક સમ્યગ્દર્શન કર્યું નથી, બહારનું બીજું બધું કર્યું છે. અહા! સમ્યગ્દર્શન એ કોઈ અપૂર્વ ચીજ છે. —પૂજ્ય બહેનશ્રી

[ સુવર્ણપુરી સમાચાર...ટાઇટલ ૩થી ચાલુ ]

'શ્રી કુંદકુંદ–પંચ-પરમશ્રુત-ગુર્જર-પદ્યાનુવાદ'ની ભવ્ય અનાવરણવિધિ અને બીજું આયોજન હતું—'કહાનગુરુ–જન્મશતાબ્દી સમાપન સમારોહ'માં આનંદોલ્લાસના પ્રતીકરૂપે હીરાથી 'કહાન-ગુરુ વધાઈ'ની મંગલ વિધિકે કે જે મંગલ વિધિ ગુરુભક્તોને જેટલી આનંદકારી તેમ જ ભક્તિ-ઉત્સાહવર્ધક હતી તેટલી જ તે સરળ અને સુવ્યસ્થિત હતી. સહસ્રાધિક ગુરુભક્તોએ તેનો લાભ લીધો હતો. 'વધાઈ'ની આ વિધિમાં ભાગ લેનાર ગુરુભક્તોએ પોતાના હીરા તથા હીરાના દાગીના વડે 'વધાઈ'ની વિધિ સમ્પન્ન કરી હતી. આ મંગલ વિધિ માટે રૂા. ૧૦૦૧/– તથા રૂા. ૫૦૧/– એમ બે વિભાગ રાખવામાં આવ્યા હતા. ગુરુભક્તિની આ વિશિષ્ટ વિધિના શુભારમ્ભ માટે 'બોલી' પણ બોલવામાં આવી હતી જેનો ગુરુભક્ત મહાનુભાવોએ આનંદોલ્લાસ પૂર્વક લાભ લીધો હતો.

આ જન્મશતાબ્દી-સમાપનસમારોહના ગુરુભક્તિથી તરબોળ પ્રત્યેક આયોજનમાં ધર્મમાતા સ્વાનુભવમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની અસાધારણ ગુરુભક્તિપ્લાવિત અન્તર્ભાવના, પ્રેરણા અને આશિષયુક્ત કલ્યાણીકૃપા ભક્તહૃદયોને આનંદવિભોર કરી દેતી હતી. આ 'શતાબ્દી-સમાપનસમારોહ'ને લોકોત્તર ઢંગથી સફળ બનાવવા વસ્તુતઃ પ્રેરણાસ્રોત હતી પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની લોકોત્તર ગુરુભક્તિ. 'ગુરુ જન્મશતાબ્દી-સમાપન-સમારોહ'ના આ મંગલ મહોત્સવનો અનોખો લાભ લેવા દેશવિદેશથી લગભગ ૨૫૦૦ મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા.

પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીના વિશાળ ભવ્ય જિનાયતન અને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચન–નિવાસ–સ્થળ શ્રી સ્વાધ્યાયમંદિર વિગેરે વિવિધરંગી વિદ્યુત્જ્યોતિ તેમ જ અનેક જગ્યાએ લગાડવામાં આવેલા સેંકડો થરમોકોલ નિર્મિત ૧૦૧ મી જન્મજયંતીના (પૂજ્ય ગુરુદેવશ્રીના સુંદર ફોટા યુક્ત) ભવ્ય પ્રતિક દ્વારા કરવામાં આવેલ સુશોભન જન્મશતાબ્દીમહોત્સવને અનુરૂપ અતિ મંગલ તેમ જ આહ્લાદક હતા. ગુરુમહિમાદ્યોતક મનોજ્ઞ 'બેનર' સુશોભિત કમલયુક્ત મનોહર ગુરુચરણચિહ્ન, 'ૐ', અતિ રમણીય ત્રિપીઠિકા પર કમલાસીન ભાવી ભગવાનના વિશાળ ચિત્રપટ યુક્ત દર્શનીય ભવ્ય વિશાળ પ્રવેશદ્વાર, ભવ્યતાથી રાખવામાં આવેલ 'જિનસહસ્રનામમંડલવિધાન મંડપ' તેમ જ ગુરુ ચિત્રપટ તથા ભવ્ય ગુરુપ્રતિકૃતિ (સ્ટેચ્યુ) યુક્ત વિશાળ પ્રવચન મંડપ, સ્વાધ્યાયમંદિર તેમ જ જિનાયતનો પર લગાડવામાં આવેલ પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ ભવ્ય તેમ જ ભાવવાહી મનોરમ ચિત્રપટ ઇત્યાદિ દ્વારા 'ગુરુ-જન્મશતાબ્દી-સમાપન સમારોહ'ની શાન–શોભા કોઈ અદ્ભુત જણાતી હતી. આ ભવ્ય દૃશ્યને જોઈને પૂજ્ય બહેનશ્રીના (પાછળ જણાવેલ) પદનો ભાવ બધાને આનંદિત કરી દેતો હતો—

"સ્વર્ણપુરે ધર્માયતન સૌ ગુરુ ગુણકીર્તન ગાતાં,
સ્થળસ્થળમાં 'ભગવાન આત્મા'ના ભણકારા સંભળાતા;
—કણ-કણ પુરુષાર્થ પ્રેરે,
—ગુરુજી આતમ અજવાળે."

ઇલેક્ટ્રોનીક સીસ્ટમથી ગતિમાન ભવ્ય દૃશ્ય પણ અતિ ચિત્તાકર્ષક હતું.

'જન્મશતાબ્દી-સમાપન સમારોહ'ના મંગલ અવસર પર પ્રાતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસસભર ટેપપ્રવચન બાદ આપણા આદરણીય, ગહન આદર્શ આત્માર્થી, વિદ્વદ્રત્ન પંડિતજી શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા પ્રતિદિન (પોતાના વૈરાગ્યરસભીના તેમ જ દેવ-ગુરુભક્તિસુધા પૂર્ણ મધુર સ્વર દ્વારા) કરાવવામાં આવતી ગુરુભક્તિ, 'શ્રી જિનસહસ્રનામ-મંડલવિધાનમહાપૂજા' તથા બપોરે શાસ્ત્રપ્રવચન બાદ જિનમંદિરમાં જિનેન્દ્રભક્તિ ઉપસ્થિત મુમુક્ષુસમૂહને ભક્તિરસથી આનંદિત કરી દેતી હતી.

## * જિનસહસ્રવસુનામ–મંડલવિધાનમહાપૂજા *

જેમાં ૧૦૦૮ ગુણવાચક ઉત્તમ નામો દ્વારા શ્રી જિનેન્દ્ર ભગવાનની અતીવ સુંદર પૂજા કરવામાં આવી છે એવું આ મંગલ પૂજન-વિધાન ગુરુભક્ત મુમુક્ષુસમાજને અતિ આનંદપ્રદ રહ્યું. આ જિનસહસ્રવસુનામ–મંડલવિધાનપૂજા વસ્તુતઃ વિશિષ્ટ આનંદ સહ સમ્પન્ન થઈ હતી. આ ભવ્ય પૂજાવિધાનનું આયોજન શ્રી પરમાગમમંદિરમાં રાખવામાં આવ્યું હતું. બધાને માટે જગ્યા, પુસ્તક તેમ જ પૂજાસામગ્રીની સમ્પૂર્ણ વ્યવસ્થા હતી. આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતભાઈ જે. શાહના વૈરાગ્ય તેમ જ પ્રશમરસ ભર્યા મધુર સ્વરથી સુસમ્પન્ન થયેલી આ મહાપૂજામાં બધા અંતરના આનંદથી પ્રસન્નતા અનુભવતા કરતા હતા. 'આટલા અહોભાવપૂર્વક શાંતિથી તેમ જ ઉત્સાહથી એકી સાથે હજારો મનુષ્ય પૂજા કરતા હોય એ સોનગઢની એક ખાસ વિશેષતા છે જે અન્યત્ર ક્યાંય જોવા મળતું નથી' એવું અનેક દિગમ્બર મહાનુભાવ કહેતા હતા. વાસ્તવમાં આ સમ્પૂર્ણ સુપ્રતાપ આપણા તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો તેમ જ તેમના સદ્ધર્મવૃદ્ધિકર સત્પ્રભાવના-ઉદયનો તથા પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ગુરુભક્તિભીની મંગળ છાયાનો છે.

ગુરુ–ઉપકારમહિમાદ્યોતક આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન પ્રાતઃ ક્રમશઃ પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક અધ્યાત્મ ટેપ-પ્રવચન, આદરણીય પં. શ્રી હિંમતભાઈ દ્વારા ગુરુભક્તિ, જિનસહસ્રવસુનામ–મંડલવિધાનપૂજા, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, જિનમંદિરમાં દેવ-ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના પવિત્ર દર્શન, સાંજે ગુરુભક્તિ, પૂજ્યશ્રીનું ટેપપ્રવચન, યાત્રાની ફિલ્મ દ્વારા પૂજ્ય

ગુરુદેવશ્રીના દર્શન અથવા પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા ઇત્યાદિ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યા હતા.

તા. ૨૫-૪-૯૦ બુધવારના રોજ પ્રાતઃ ભવ્ય રથોત્સવ તેમ જ પરમ તારણહાર પૂજ્ય કહાનગુરુદેવની ભવ્ય શોભાયાત્રાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સુવર્ણથી મઢેલી રજત ગંધકૂટી પર બિરાજમાન ભાવિ-જિનવરનું ભવ્ય દૃશ્ય એવું મનોહર હતું કે જાણે ભાવિભગવાનના સમવસરણ વિહારથી પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન સાધનાભૂમિ સ્વર્ણપુરી પુલકિત બની ગઈ હો. ભવ્ય ગજેન્દ્ર સાત બગી ઇત્યાદિ અનેકવિધ મનોજ્ઞ સાજસામગ્રીથી સુશોભિત તેમ જ હજારો ગુરુભક્તોના ભક્તિગીતોથી રથોત્સવની શોભા કોઈ જુદી જ જાતની દેખાતી હતી. તેમાં, હોનહાર તીર્થંકરોપમ અધ્યાત્મયુગપુરુષનું બાળરૂપ-કહાન-કુંવરનું પાલના ઝૂલનનો ફ્લોટ (FLOT) તો અતિ-અદ્‌ભુત હતો. તેને જોવા માટે ગ્રામજનતા પણ ઉમટી પડી હતી. બધા ભાવથી કહાન-કુંવરના દર્શન કરતા હતા.

## * કહાનગુરુ-જન્મજયંતી : વૈશાખ સુદ બીજ *

પ્રાતઃ દેવ-શાસ્ત્ર ગુરુના પવિત્ર દર્શન બાદ ટ્રસ્ટના ટ્રસ્ટી તેમ જ મંત્રી શ્રી ચીમનલાલભાઈ મોદીએ પરમ પૂજ્ય શ્રી કુંદકુંદાચાર્યદેવ, શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ, ભગવતી માતા બહેનશ્રી ચંપાબહેનની ઉપકાર છાયામાં શ્રી કુન્દકુન્દ-પરમશ્રુત ગુર્જરગદ્ય-પદ્યાનુવાદના રચયિતા આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહ પ્રતિ ટ્રસ્ટ અને સમસ્ત મુમુક્ષુસમાજ વતી ઉપકૃતભાવભીનું સુંદર અભિવાદન સંક્ષેપમાં વ્યક્ત કર્યું હતું, જેના પ્રત્યુતરમાં આદરણીય પંડિતજીએ અતિ નમ્રતાપૂર્ણ પોતાની લઘુતા વ્યક્ત કરતા થકા પરમ પૂજ્ય આચાર્યદેવ, ગુરુદેવ તેમ જ બહેનશ્રી પ્રતિ ઉપકારાંજલિ પ્રસ્તુત કરી હતી. ત્યાર બાદ શ્રી કુન્દકુન્દ-પ્રવચનમંડપમાં, 'પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી જન્મશતાબ્દી'ના ઉપલક્ષમાં આરસની ધવલ શિલાપટ પર ઉત્કીર્ણ 'શ્રી કુન્દકુન્દ-પરમશ્રુત-ગુર્જરપદ્યાનુવાદ'ના અનાવરણની મંગલ વિધિ અત્યંત આનંદોલ્લાસ પૂર્વક સમ્પન્ન કરવામાં આવી હતી. આપણા પરમ આધાર પરમ પૂજ્ય કહાનગુરુદેવની તેમ જ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની પ્રેરણા અને કૃપા ઝીલીને જેમણે શ્રી કુન્દકુન્દ પરમાગમોનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરીને અધ્યાત્મપ્રેમી મુમુક્ષુ સમાજ પર ઘણો ઉપકાર કર્યો છે એવા આપણા અધ્યાત્મરસિક, ગહન આદર્શ આત્માર્થી આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જે. શાહે 'મંગલાષ્ટક', શ્રુતભક્તિ આદિ પવિત્ર પાઠોચ્ચાર પૂર્વક અનાવરણની પવિત્ર વિધિ કરાવી હતી. તે સમયના આનંદમય વાતાવરણને જોઈને ઉપસ્થિત મુમુક્ષુસમાજ પૂજ્ય ગુરુદેવ, પૂજ્ય બહેનશ્રી તેમ જ આદરણીય પંડિતજી પ્રતિ ઉપકૃતભીના ભાવથી ભીંજાઈ ગયો હતો.

ત્યારબાદ પરમાગમમંદિરમાં જિનસહસ્રવસુનામમંડલવિધાનપૂજા તેમ જ તેનુ સમાપન કરવામાં આવ્યું હતું. પૂજાના સમયે પરમાગમ ખીચોખીચ ભરાઈ ગયું હતુ બે હજારથી અધિક મુમુક્ષુ આદરણીય પંડિતજીના વિધિનેતૃત્વમાં એક સાથે તેમ જ એક અવાજે પૂજા કરવાનું દૃશ્ય અતીવ મનોજ્ઞ તેમ જ પ્રભાવક હતું.

ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીના વિડિયો-ટેપપ્રવચન પછી સમગ્ર મુમુક્ષુજગત વતી આદરણી પં. શ્રી હિંમતભાઈ દ્વારા, જન્મશતાબ્દી-સમાપનસમારોહના ઉપલક્ષમાં, પરમ તારણહા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ઉપકૃતભાવભીનું અતિ ભાવવાહી મનોજ્ઞ ગુણાનુવાદ અને ત્યાર બા આ મંગલ મહોત્સવના ઉદ્યાપનના વિશિષ્ટ પ્રક્રમરૂપ ( અતીવ સુશોભિત પડાંલના પ્રવચ સ્ટેજ પર બિરાજમાન પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ ભવ્ય પ્રતિકૃતિ–સ્ટેચ્યુ તેમ જ ચિત્રપ સમક્ષ ) હીરાથી ' મંગલ–વધાઈ 'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બપો સમાગત વિદ્વાનના ગુરુભક્તિમય શાસ્ત્રપ્રવચન બાદ પરમાગમ મંદિરમાં શિક્ષણવર્ગ, સાં આરતી અને પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

' ગુરુ-ગુણાનુવાદ 'ના મધુર વક્તવ્યમાં આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભૂતિવિભૂષિત સાધનામય જીવનનો, દ્રવ્યદૃષ્ટિપ્રધાન અવિર તત્ત્વજ્ઞાનનો તેમ જ મુમુક્ષુસમાજને આપેલ તત્ત્વોપદેશ આદિ અનેકવિધ ઉપકારો ગંભીર હૃદયસ્પર્શી તેમ જ અસાધારણ શૈલીથી સંક્ષેપમાં ભાવભીનું વિશદ દિગ્દર્શ કરાવ્યું હતું, જે સાંભળીને મુમુક્ષુહૃદય ગુરુદેવના ઉપકારસ્મરણથી ભીંજાઈ ગયું હ વક્તવ્યમાં અંતમાં પંડિતજીના મધુર સ્વરમાં સાંભળેલી—

> मधुराधिपतिः कानजीस्वामी अखिलोः मधुरः ।
> मधुराधिपतेः गुरुदेवस्य अखिलं मधुरम् ॥

—ઇત્યાદિ અગદ્યપદ્યમય પંક્તિયોથી તો સમગ્ર મુમુક્ષુસમાજ આનંદ વિભોર ગયો હતો.

ત્યારબાદ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિકૃતિ સમક્ષ પૂજ્ય બહેનશ્રી ચંપાબ દ્વારા કરવામાં આવેલી મંગલ ' વધાઈ 'ની વિડિયો બતાવીને, પૂજ્ય ગુરુદેવશ્રીને હીર ' વધાઈ ' કરવાની વિધિ સમ્પન્ન કરવામાં આવી હતી. આ મંગલ વિધિનો શુભા આપણા આદરણીય પંડિતજી દ્વારા કરવામાં આવ્યો હતો. તેમના પછી ૧૫૬ પરિવારે ઉક્ત વિધિનો લાભ લીધો હતો. આ કલ્યાણી વિધિના મંગલ અવસરે વાતાવ આનંદોલ્લાસથી અતીવ ભરાઈ ગયો હતો. જેઓનો જન્મ લાખો ભવ્ય જીવોના કલ્યા કારણ બન્યો છે એવા પરમ કલ્યાણમૂર્તિ કહાનગુરુદેવના આ જન્મદિનને કલ્યાણ મુમુક્ષુભક્ત ' જન્મકલ્યાણકજિન ' એવા તીર્થંકરોચિત શુભ નામથી વિશેષિત કરતા ખરેખર તીર્થંકર ભગવાનના જન્મકલ્યાણ જેવું આનંદમય વાતાવરણ સહજ બની ગયું

શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના આશ્રયે, મુમુક્ષુજગતે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની કલ્યાણવર્ષિણી મંગલ છાયામાં ઉજવેલો આ 'ગુરુજન્મશતાબ્દી-સમાપન સમારોહ' ખરેખર અસાધારણ અને અદ્ભુત હતો. ગુરુભક્તિના આ અપૂર્વ અવસરને સાકાર બનાવવા માટે બધા મુમુક્ષુઓના તન-મન-ધન ઉછળી ગયા હતા. પૂજ્ય ભગવતી માતાની મંગલવર્ધિની કલ્યાણી છાયા, પ્રૌઢ મુમુક્ષુભક્તોનું માર્ગદર્શન તેમ જ યુવાભક્તોની ગુરુભક્તિથી ઉછળતી કર્તવ્યપરાયણતા—આ ભવ્ય ત્રિવેણીનો સુભગ સંગમ આ મંગલ મહોત્સવને કલ્પનાતીત સફળ બનાવવામાં કારણભૂત બન્યો હતો. પૂજ્ય ગુરુદેવ, પૂજ્ય ભગવતી માતા તેમ જ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર તીર્થધામ શ્રી સુવર્ણપુરી પ્રતિ શ્રદ્ધાભક્તિ રાખનારા મુમુક્ષુઓના ગુરુભક્તિથી ભીંજાયેલા સંગઠનને જોઈને સમાગત અનેક મહેમાન સાનુમોદન આશ્ચર્યનો અનુભવ કરતા હતા. વાસ્તવમાં આ પૂરો પ્રતાપ પૂજ્ય ગુરુદેવશ્રીનો છે જેમનો પૂજ્ય બહેનશ્રીની કલ્યાણી તેમ જ કૃપાભીની છાયામાં મુમુક્ષુસમાજ અનુભવ કરી રહ્યો છે.

૧૦૧ મી મંગલ ગુરુ-જન્મજયંતીના અવસરે આયોજિત 'જન્મશતાબ્દી-સમાપન-સમારોહ'માં શાસ્ત્રપ્રવચન દ્વારા સર્વશ્રી પ્રાણલાલભાઈ કામદાર, શ્રી શશીકાંતભાઈ શેઠ, શ્રી હિંમતભાઈ ડગલી તેમ જ ડૉ. પ્રવિણભાઈ દોશી; શિક્ષણવર્ગમાં બ્ર૦ ચંદુભાઈ ઝોબાળિયા તથા બ્ર૦ શ્રી વૃજલાલભાઈ શાહ; સુશોભન કાર્યમાં સર્વશ્રી સુરેશભાઈ સંઘવી, વિપુલભાઈ મોદી, રાજેશભાઈ મધીયા, દેવાંગભાઈ ડગલી અને તેમના સાથી; હિસાબ-ક્રમમાં શ્રી વસંતભાઈ દોશી, રજનીભાઈ મહેતા, વિકાસભાઈ શાહ વિગેરે; ભક્તિકાર્યક્રમ દ્વારા વઢવાણ તથા ઘાટકોપરની ભજનમંડળી ઇત્યાદિએ સુંદર સહયોગ આપ્યો હતો. આ અવસરે ભોજન તેમ જ આવાસ-વ્યવસ્થા રાજકોટના શ્રી કુન્દકુન્દકહાનયુવક પરિવારે સંભાળી હતી. 'શ્રી કુન્દકુન્દ-પરમશ્રુત-ગુજરાતી પદ્યાનુવાદ'ની અનાવરણ વિધિના અવસરે પ્રવચનમંડપના સુશોભન આદિ કાર્યમાં શ્રી પવનકુમાર જૈન તેમ જ બ્ર૦ કોકિલાબેન ખારાએ પ્રશમમૂર્તિ ભગવતી માતાના માર્ગદર્શન અનુસાર સુંદર સહયોગ આપ્યો હતો. આમ આ આયોજનને સફળ બનાવવા માટે અન્ય અનેક મહાનુભાવોએ પોતાની ગુરુભક્તિભીની સેવા આપી હતી. તે સર્વ ધન્યવાદને પાત્ર છે.

—આમ, દેશવિદેશથી આવેલા લગભગ ૨૫૦૦ ભક્તોએ પોતાના તારણહાર અનુભવ-પ્રધાન અધ્યાત્મમાર્ગ બતાવનારા પરમોપકારી પૂજ્ય ગુરુદેવના 'જન્મશતાબ્દી-સમાપન સમારોહ'નો આનંદોલ્લાસથી લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપકાર મહિમાનું સ્મરણ કરતા બધા મુમુક્ષુઓ પૂજ્ય બહેનશ્રીની નીચેની પંક્તિનો ભાવ હૃદયમાં પ્રમાણિત કરતા હતા :—

ગુરુ-કહાન તણો ઉપકાર ભરતે ગાજે રે,
સ્વાનુભૂતિ ભર્યો રણકાર ચેતન જાગે રે.

* આ મંગળ મહોત્સવમાં સંસ્થાને—

રૂા. ૬૫૬૫૦-૦૦ ૧૦૧મી જન્મજયંતીના ઉપલક્ષમાં (૧૦૧×૬૫૦)
રૂા. ૧૬૩૦૦-૦૦ હીરાથી વધાઈની વિધિમાં
રૂા. ૫૦૫૦૫-૦૦ 'શ્રી કુન્દકુન્દ-પરમશ્રુત-ગુર્જરપદ્યાનુવાદ'ની અનાવરણ વિધિમાં
રૂા. ૩૮૯૧૨-૦૦ જિનેન્દ્ર રથયાત્રામાં
રૂા. ૫૫૧૭-૫૦ આરતી ખાતે
રૂા. ૧૫૮૦૦-૦૦ અન્ય ખાતામાં
રૂા. ૧,૦૦,૬૫૧-૦૦ હીરાથી વધાવવાના
કુલ રૂા. ૨,૯૦,૫૩૫-૫૦ની આવક થઈ હતી.

ઉત્સવના પ્રસંગ પર પુસ્તકોમાં ૨૫% કમીશન શ્રી વીણાબેન જગદીશભાઈ મોદી પરિવાર તથા ૨૦% કમીશન શ્રી પૂરીબેન શિવલાલ ગાંધી હસ્તે નિખિલ પ્રતાપરાય ગાંધી તથા વૈશાખ સુદ બીજના દિવસે ૧૫% સપાણી પરિવાર તરફથી એ રીતે કુલ ૫૦% કમીશન રાખવામાં આવ્યું હતું. ૧૫૦૦૦/-ના પુસ્તક તથા ફોટો આદિનું વેચાણ થયું હતું.

પૂજ્ય ગુરુદેવશ્રીને વૈશાખ સુદ બીજના દિવસે હીરાથી વધાવવાના સર્વ પ્રથમ રૂા. ૫૦૦૧/-માં ૬ કુટુમ્બને તથા રૂા. ૧૦૦૧/- તથા ૫૦૧/-માં હીરાથી વધાવવાનો લાભ ૧૫૧ કુટુમ્બીઓને મળ્યો હતો.

ગુજરાતી તથા હિન્દી આત્મધર્મના વાર્ષિક ગ્રાહકો માટે રૂા. ૪ નું કમીશન શ્રી ત્રિવેણીબેન કેશવલાલ કોઠારી તરફથી રાખવામાં આવ્યું હતું જેનો ૨૫૦ ગ્રાહકોએ લાભ લીધો હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મશતાબ્દી સમાપન સમારોહના પ્રસંગ પર
કાયમી મંડલ વિધાન પૂજા—

૧. પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા કેટલાક બ્રહ્મચારી બહેનો, સોનગઢ
૨. શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી તથા પરિવાર
૩. શ્રી પરષોત્તમદાસ ઓઘડદાસ કામદાર તથા જવેરીબેન પરષોત્તમદાસ પરિવાર, મુંબઈ
૪. શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ (શ્રી જિતુભાઈ)
૫. શ્રી કનુભાઈ મણીલાલ પુનાતર અને શ્રીમતી ચંદનબેન કનુભાઈ પુનાતર તથા પરિવાર, જામનગર

૬. બ્ર૦ શારદાબેન જયસુખલાલ સંઘાણી, રાજકોટ
૭. શ્રી જયંતીલાલ બેચરદાસ મોદી, મુંબઈ
૮. શ્રી ધારશીભાઈ જટાશંકર મહેતા, વવાણીઆ
૯. શ્રી હિંમતલાલ છોટાલાલ જોબાળિઆ પરિવાર, સોનગઢ
૧૦. શ્રી અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી તથા શ્રી રૂપાળીબેન અને પરિવાર

તથા પ્રાસંગીક મંડળ વિધાન—

૧. શ્રી મમતાબેન આનંદકુમાર ફુલચંદ જૈન, હૈદ્રાબાદ
૨. ,, જયંતીલાલ શાકરચંદ શાહ હસ્તે ડૉ. સ્મિતાબેન ભરતભાઈ શાહ, અમદાવાદ
૩. ,, અજિતાબેન વિનોદરાય ખંડેરિયા, લંડન તથા વિભાબેન કિશોરભાઈ લદ્ધા, અમરાવતી
૪. સ્વ. ધીરજલાલ ગંભીરદાસના સ્મણર્થે—શ્રી કિરણકુમાર ધીરજલાલ, સોનગઢ.
૫. શ્રી મંજુલાબેન શિવલાલ ડગલી, બોટાદ
૬. ,, લાભુબેન રમણીકલાલ ગોસલીયા હસ્તે નિર્મળાબેન ઉદાણી, પાર્લા
૭. ,, લલિતાબેન જયંતીલાલ મેહતા, મુંબઈ
૮. ,, નંદલાલ પ્રાગજીભાઈ મેહતા, ઉમરાળા

—તરફથી રાખવામાં આવી હતી.

ઉત્સવના પાંચે દિવસે સવારનો નાસ્તો :—

૧. શ્રી ભીખાલાલ મગનલાલ શાહ હસ્તે હીરાભાઈ શાહ
૨. ,, શારદાબેન વિનુભાઈ તથા મંજુલાબેન પુનાતર
૩. ,, ભરતભાઈ શાંતિલાલ શાહ, ઘાટકોપર
૪. ,, કેશવલાલ વ્રજલાલ કોઠારી
૫. ,, ચિમનભાઈ પ્રેમજીભાઈ ગોસલીયા પરિવાર
૬. ,, કાળીદાસ હુકમચંદ કામદાર તરફથી તથા પાંચે દિવસ શ્રી જગદીશભાઈ ચિમનલાલ મોદી તરફથી નાસ્તો રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે :—

૧. તા. ૨૨-૪-૯૦ના દિવસે સવાર-સાંજનું ભોજન શ્રી ભીખાલાલ મગનલાલ શાહ પરિવાર તરફથી
૨. તા. ૨૩-૪-૯૦નું સવારનું જમણ શ્રી જડાવબેન તથા કમળાબેન પરિવાર, સોનગઢ હસ્તે પ્રવીણભાઈ તથા ચંદ્રકાંતભાઈ, સોનગઢ તથા સાંજનું જમણ જેકુંવરબેન ભુપતલાલ જેચંદ દોશી હસ્તે કુસુમબેન એન. દોશી તથા જ્યોતિબેન એમ. દોશી

૩. તા. ૨૪-૪-૯૦ સવારનું જમણ શ્રી ગંગાબેન પ્રેમચંદભાઈ કેશવજી શાહ નાયરોબી અને સાંજનું ભોજન શ્રી હીરાભાઈ ભીખાભાઈ શાહ, દેહગામ

૪. તા. ૨૫-૪-૯૦નું ભોજન શ્રી પરષોત્તમદાસ ઓઘડદાસ કામદાર પરિવાર તથા જયસુખલાલ પોપટલાલ સંઘાણી હસ્તે બ્ર૦ શારદાબેન, રાજકોટ અને સાંજનું જમણ શ્રી રસીકલાલ વિકમચંદ સંઘવી તથા ચંપકલાલ વિકમચંદ સંઘવી

૫. તા. ૨૬-૪-૯૦ વૈશાખ સુદ બીજ સવારનું જમણ શ્રી નંદલાલભાઈ પ્રાગજીભાઈ મેહતા ઉમરાળાવાળા તથા સાંજનું જમણ તલાટી ભાઈઓ તરફથી રાખવામાં આવ્યું હતું.

## વૈરાગ્ય સમાચાર :—

* વઢવાણનિવાસી શ્રી બાલુબેન શાંતિલાલ ઘડિયાળી (વર્ષ-૮૨ લગભગ) તા. ૨૩-૨-૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી તિલકમંજરીબેન ભોગીલાલ શાહ (મહાલક્ષ્મીબેનના પુત્રી) (વર્ષ-૬૫) તા. ૧૬-૩-૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુદાસણા નિવાસી શ્રી છોટાલાલ ભીખાલાલ મહેતા (વર્ષ-૮૦) તા. ૧૮-૩-૯૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને ચાલીશેક વર્ષ પહેલાં કારણ વશાત્ અમરગઢ રહેવાનું થવાથી હંમેશા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો સાંભળવા આવતા હતા અને ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતા પ્રવચનો સાંભળીને પ્રભાવિત થઈ સોનગઢમાં બ્લોક લઈને વર્ષો સુધી લાભ લીધો હતો. તેઓ સ્વાધ્યાય ભક્તિ-પૂજન પ્રતિષ્ઠા આદિમાં ખૂબ જ રસ લેતા હતા. છેલ્લે જ્ઞાયકનું રટણ કરતાં કરતાં દેહ છોડયો હતો.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલ આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

(તા. ૨૦–૪–૯૦)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

## * કહાનગુરુ–જન્મશતાબ્દીસમાપન *

* મુમુક્ષુસમાજના પરમ-તારણહાર, સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મમાર્ગપ્રભાવક, પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની અનુપમ ઉપકારમહિમા પ્રકાશક પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ધર્મોદ્યોતકારી કલ્યાણી છાયામાં શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ દ્વારા અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ગત વર્ષના વૈશાખ સુદ ૨ ના મંગલદિને જેનો શુભારમ્ભ કરવામાં આવ્યો હતો અને જે દેશ-વિદેશના મુમુક્ષુસમાજ દ્વારા પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિભીની કલ્યાણી આશિષછાયામાં, વિભિન્ન શહેરોમાં શ્રી જિનબિંબપંચકલ્યાણકપ્રતિષ્ઠા મહોત્સવ, વેદીપ્રતિષ્ઠા, વિવિધ મંડલ-પૂજા, વિદ્વત્પ્રવચન-સમારોહ, અધ્યાત્મશિક્ષણવર્ગ, જિનેન્દ્ર-રથોત્સવ, કહાનગુરુ શોભાયાત્રા, પ્રભાવક શતવાહનશોભાયાત્રા, દેવ-ગુરુ-ભક્તિ, વિપુલ સાહિત્ય પ્રકાશન દ્વારા અધ્યાત્મજ્ઞાનપ્રચાર તેમ જ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ ઇત્યાદિ અનેકવિધ ધર્મપ્રભાવક મનોજ્ઞ આયોજનો સહિત એક વર્ષ પર્યંત ઉજવવામાં આવેલ 'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી જન્મશતાબ્દી-સમારોહ'ના મંગલ સમાપનનો સમારોહ ચૈત્ર સુદ ૧૨, શનિવાર, તા. ૨૨–૩–૯૦ થી વૈશાખ સુદ–૨ ગુરુવાર, તા. ૨૬–૪–૯૦ —પાંચ દિવસ સુધી શ્રી જિનસહસ્રનામમંડલવિધાન મહાપૂજા તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીના અનુપમ ટેપ-પ્રવચનો, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા ઇત્યાદિ દ્વારા અધ્યાત્મજ્ઞાનોપાસનાપૂર્વક સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રીની દેવ-ગુરુ-ભક્તિભીની મંગલ-છાયામાં અત્યંત આનંદોલ્લાસ સહ ઉજવવામાં આવ્યો હતો.

આ 'જન્મશતાબ્દી-સમાપન સમારોહ' પણ ગુરુભક્તિના એક અસાધારણ આનંદોલ્લાસનો અનુપમ અવસર હતો. જિનેન્દ્રરથયાત્રા તેમ જ ગુરુ-શોભાયાત્રાના અવસર પર ભક્તહૃદય ગુરુભક્તિથી એવા ઉછળતા દૃષ્ટિગોચર થતાં હતાં કે જાણે પરમોપકારી ભાવિતીર્થંકર ભગવાનનો જન્મકલ્યાણકમહોત્સવ ઉજવાઈ રહ્યો હોય!

જન્મશતાબ્દી-સમાપન સમારોહના આ મંગલ અવસરે ગુરુમહિમા-દ્યોતક ધર્મપ્રભાવક અનેકવિધ આયોજનોની સાથે બે વિશેષ આયોજનો ભક્તસમાજને વિશેષ આનંદકારી અદ્‌ભુત થયા હતા. તેમાનું એક આયોજન હતું—'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી–જન્મ-શતાબ્દી'ના ઉપલક્ષમાં 'શ્રી કુંદકુંદ-પ્રવચનમંડપ'માં આરસના શિલાપટ પર ઉત્કીર્ણ

[ અનુસંધાન માટે જુઓ પાનું–૨૩ ]

હે જીવ! જેમાં તારી રુચિ હશે તે પ્રમાણે ગતિ થશે, કેમ કે ભવિષ્યમાં પણ અનંતકાળ તારે રહેવાનું તો છે જ, તો દેહ છૂટીને ક્યાં રહીશ?—કે જેવી તારી રુચિ હશે, જેવી તારી મતિ હશે, તેવી ગતિ પામશે. જો તારી મતિ રાગ અને પરમાં નહીં હોય ને ચૈતન્યસ્વરૂપમાં હશે તો મરીને તને આત્મા પ્રાપ્ત થશે, અને જો તારી મતિ રાગ અને પરમાં હશે તો મરીને તને સંસારમાં રખડવાનું પ્રાપ્ત થશે. માટે હે જીવ! તારી મતિ રાગ અને પરમાં ન લગાવ, મતિને ચૈતન્યસ્વરૂપમાં લગાવ.

—પૂજ્ય ગુરુદેવશ્રી

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/– પ્રત : ૩૨૦૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'